અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ જાન્યુઆરી ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ અગિયારસ | અંક : ૧૭૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### પંજાબ, રાજસ્થાન, હિમાચલ, જમ્મુ-કાશ્મીરમાં ઈંધણના ભાવમાં ઘટાડો । દિલ્હીમાં પેટ્રોલ રૂપિયા ૯૬.૭૨ અને ડીઝલ ૮૯.૬૨ રૂપિયા પ્રતિ લીટર

## ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગુજરાત અને હરિયાણામાં પેટ્રોલ અને ડીઝલ મોંઘા થયા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

શુક્રવારે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ ઘટાડા સાથે બંધ થયા હતા. ક્રૂડના ભાવમાં નરમાઈની ઈંધણની કિંમતો પર બહુ અસર થઈ નથી. આ દરમિયાન દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના નવીનતમ ભાવ જાહેર કર્યા છે. ભારતમાં દરરોજ સવારે ૬ વાગ્યે ઈંધણના ભાવમાં સુધારો કરવામાં આવે છે. જૂન ૨૦૧૭ પહેલા દર ૧૫ દિવસે ભાવમાં સુધારો કરવામાં આવતો હતો. ઉત્તર પ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગુજરાત અને હરિયાણામાં પેટ્રોલ અને ડીઝલ મોંઘા થયા છે, જ્યારે પંજાબ, રાજસ્થાન, હિમાચલ, જમ્મુ-કાશ્મીરમાં ઈંધણના ભાવમાં ઘટાડો થયો છે. ચાલો જાણીએ કે અન્ય રાજ્યો અને મોટા શહેરોમાં પેટ્રોલ અને ડીઝલના નવીનતમ ભાવ શું છે.

**૪ મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ**

- દિલ્હીમાં પેટ્રોલ રૂ. ૯૬.૭૨ રૂ. અને ડીઝલ ૮૯.૬૨ રૂ. પ્રતિ લીટર.
- મુંબઈમાં પેટ્રોલ રૂ. ૧૦૬.૩૧ રૂ. અને ડીઝલ ૯૪.૨૭ રૂ. પ્રતિ લીટર.
- કોલકાતામાં પેટ્રોલ રૂ. ૧૦૬.૦૩ રૂ. અને ડીઝલ ૯૨.૭૬ રૂ. પ્રતિ લીટર.
- ચેન્નાઈમાં પેટ્રોલ રૂ. ૧૦૨.૬૩ રૂ. અને ડીઝલ ૯૪.૨૪ રૂ. પ્રતિ લીટર.

**આ શહેરોમાં કેટલા બદલાયા ભાવ**

- નોઈડામાં પેટ્રોલ ૯૬.૯૪ રૂપિયા અને ડીઝલ ૯૦.૧૧ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયું છે.
- ગાઝિયાબાદમાં ડીઝલની કિંમત ૯૬.૪૪ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૮૯.૬૨ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયું છે.
- લખનઉમાં પેટ્રોલ ૯૬.૫૭ રૂપિયા અને ડીઝલ ૮૯.૭૬ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયું છે.
- પટનામાં પેટ્રોલ ૧૦૭.૩૦ રૂપિયા અને ડીઝલ ૯૪.૦૯ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયું છે.

દરરોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવ બદલાય છે અને નવા દરો જાહેર થાય છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં એક્સાઈઝ ડ્યુટી, ડીલર કમિશન, વેટ અને અન્ય વસ્તુઓ ઉમેર્યા બાદ તેની કિંમત મૂળ કિંમત કરતા લગભગ બમણી થઈ જાય છે. આ જ કારણ છે કે આપણે આટલા મોંઘા પેટ્રોલ અને ડીઝલ ખરીદવું પડે છે. તમે SMS દ્વારા પેટ્રોલ અને ડીઝલના દૈનિક દર પણ જાણી શકો છો. ઈન્ડિયન ઓઈલના ગ્રાહકો ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર RSP અને તેમનો સિટી કોડ લખીને માહિતી મેળવી શકે છે અને BPCL ગ્રાહકો RSP અને તેમનો સિટી કોડ લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ નંબર પર SMS મોકલીને માહિતી મેળવી શકે છે. તે જ સમયે, HPCL ઉપભોક્તા HPP price અને તેમનો સિટી કોડ ટાઈપ કરીને અને ૯૨૨૨૨૦૧૧૨૨ નંબર પર મોકલીને કિંમત જાણી શકે છે.

---

**ન્યૂઝ બ્રિફ**

### બીએસએફે સરહદ પર ઉડતું ડ્રોન પકડી પાડ્યું



। (એજન્સી) ફિરોઝપુર, તા.૨૦ ।

પાકિસ્તાન પોતાની નાપાક હરકતથી બાઝ આવતુ નથી. આતંકવાદને કારણે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામી થઈ રહી છે તેમ છતાં તેમાં સુધારો થઈ રહ્યો નથી. ત્યારે હવે ફરી એકવાર સરહદ પારથી ઉડતું ડ્રોન ભારતમાં આવ્યું, જેને ભારતીય સુરક્ષા દળોએ પકડી પાડ્યું છે. આ ડ્રોનમાંથી ખતરનાક હથિયારો પણ મળી આવ્યા છે.

---

### પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને સમગ્ર વિશ્વમાં આતુરતા

## બ્રિટનનું સંસદ ભવન શ્રી રામના નારા-શંખધ્વનીથી ગૂંજી ઊઠ્યું

### ૨૨ જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, હરિયાણા અને આસામમાં રજાની સાથે ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની પૂરજોશમાં ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે દુનિયાના ઘણા દેશોમાં હિન્દુ સમુદાય પણ આ ઐતહાસિક ક્ષણને વધાવવા માટે ઉત્સુક છે અને વિવિધ કાર્યક્રમોનુ આયોજન પણ થઈ રહ્યુ છે. બ્રિટનની સંસદમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની ઉજવણી કરવામાં આવી હતી અને સંસદ ભવન શ્રીરામના નારા તેમજ શંખ ધ્વનિથી ગાજી ઉઠ્યુ હતુ. બ્રિટનના સંગઠન સનાતન સંસ્થા, યુકે દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ખુશીમાં સંસદમાં કાર્યક્રમનુ આયોજન કરાયુ હતું. જેની શરુઆત ભાવ વિભોર કરી નાંખે તેવા ભજન સાથે થઈ હતી. એ પછી સંસ્થાના સભ્યોએ ગીતાના ૧૨મા અધ્યાયનું પઠન કરીને શ્રીકૃષ્ણ ભગવાનના જીવનને યાદ કર્યુ હતુ. આ પ્રસંગે સાંસદોનુ શાલ ઓઢાડીને સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન રામ, સીતાજી અને લક્ષ્મણજીની મૂર્તિઓ પણ સંસદમાં લાવવામાં આવી હતી અને દીપ પ્રગટાવીને તેની પૂજા અર્ચના પણ કરવામાં આવી હતી.

૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ટાણે બ્રિટનના ૨૦૦ જેટલા મંદિરો તેમજ સંગઠનોની સહી સાથેનુ એક ઘોષણાપત્ર પણ અયોધ્યા મંદિરને સુપરત કરવામાં આવશે. બ્રિટનના હિન્દુ સમુદાયમાં પણ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને લઈને ખુશી જોવા મળી રહી છે.





વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પહેલાં સતત દક્ષિણ ભારતના અનેક મહત્ત્વના મંદિરોની મુલાકાત લઈ રહ્યા છે. આ જ અનુસંધાનમાં પીએમ મોદીજી તમિલનાડુના શ્રીરંગમમાં રામાયણ સાથે સંકળાયેલા શ્રીરંગનાથસ્વામી મંદિરમાં પૂજા અર્ચના કરી અને વિદ્વાનોના મુખે કંબ રામાયણનો પાઠ સાંભળ્યો હતો. આ બધા વચ્ચે પીએમ મોદીનો એક ફોટો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે અને આ ફોટોની ચર્ચા પણ થઈ રહી છે.

---


નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




**સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે**
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ તા. ૩૧-૦૧-૨૦૨૪ સુધી સમય સવારે ૧૧ થી સાંજે ૬ સુધી

**જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે**
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીંચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

**ઉપલબ્ધ સેવાઓ**
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો..
+ 91 9081 66 33 55 / 66

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્ક્વેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત,

www.merrylandhospital.com


---

### અમેરિકાની ચોંકાવનારી ઘટનાનો વીડિયો વાયરલ

## યુએસના વિમાનમાં ટેકઓફ બાદ આગ, ઈમરજન્સી લેન્ડિંગ કરાયું

। (એજન્સી) મિયામી, તા.૨૦ ।

અમેરિકાના મિયામીથી પ્યૂર્ટો રિકો જતી એટલસ એરના એક કાર્ગો વિમાનનાં એન્જિનમાં આગ લાગી ગઈ છે. ત્યારપછી હવામાં જ પ્લેન હતું તે બેકાબૂ થઈ ગયું અને પેસેન્જર પણ ગભરાઈ ગયા હતા. જોકે આ ઘટના એક શખસે લાઈવ વીડિયોમાં પણ કેપ્ચર કરી હતી જે સોશિયલ મીડિયામાં ઘણી વાયરલ થઈ રહી છે. આમાં એક ફાયર બર્ડ હોય એવી રીતે પ્લેનના એક વિંગના એન્જિનમાંથી આગ ફાટી નીકળી છે. એટલું જ નહીં તે આકાશમાં આમ તેમ બેકાબૂ જઈ રહ્યું હોય તેમ પણ લાગી રહ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અમેરિકાની આ ફ્લાઈટનું જે એન્જિન નં-૨ હતું એ ફેલ થઈ ગયું હતું. હવામાં આ પ્લેનમાંથી આગ જરતી હોય એવો નજારો જોવા મળી રહ્યો હતો. એક અહેવાલ પ્રમાણે આ બોઈંગ ૭૪૭-૮ હતું જેમાં આ ઘટના બની. લેફ્ટ વિંગમાંથી આગ ફાટી નીકળી હોય તેવું જોવા મળી રહ્યું હતું. હવે આની તપાસ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો જેમાં એન્જિન નં-૨માં એક કાણું હતુ જેના લીધે આ સમગ્ર ઘટના ઘટી હોવાની માહિતી મળી રહી છે. આ ઘટના સ્થાનિક સમય પ્રમાણે અંદાજે રાત્રે લગભગ ૧૦.૪૦ વાગ્યે ઘટી હતી. ત્યારે આકાશમાંથી આ પ્રમાણે આગની આખી લાઈન અને પટ્ટીઓ આગળ જતા જોઈને લોકોએ વીડિયો ઉતારવાનું શરૂ કર્યુ હતું. એમાંથી એક સોશિયલ મીડિયા યૂઝર કે જે બહાર વોક કરવા નીકળી હતી તેણે પણ આ ભયાનક ઘટનાક્રમ વર્ણવ્યો હતો. મહિલાએ કહ્યું કે જે પ્રમાણે આ પ્લેન નજરે પડી રહ્યું હતું તે જમીન પર પટકાઈ જશે એમ જ લાગતું હતું. હું ડરી ગઈ હતી અને મેં એ જ વિચાર્યું કે અંદર કોણ કોણ હશે ક્યાં જઈને આ પ્લેન પટકાઈ જશે. જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે વિમાનમાં એન્જિનના કારણે આગ લાગી કે બીજું કોઈ કારણ પણ હશે. કોઈને એ પણ જાણ નથી કે બર્ડ હિટની ઘટના હતી કે પછી અચાનક માલફંકશન થયું જેથી દુર્ઘટના ઘટી. બીજી બાજુ પાયલટે સમય સૂચકતા દાખવીને ૧૪ મિનિટ હવામાં ફંટાતા પ્લેનને તરત જ લેન્ડિંગ કરાવ્યું હતું. ઈમરજન્સીમાં તેણે જે પ્રકારે લેન્ડિંગ કર્યું એની પણ અત્યારે ઘણી પ્રશંસા થઈ રહી છે. એરલાઈને કહ્યું કે આ ઘટનાની પાછળનું સાચ્ચુ કારણ શોધવામાં આવી રહ્યું છે, એફએએના જણાવ્યા મુજબ કાર્ગો વિમાન ૨૦૧૫માં નિર્મિત બોઈંગ ૭૪૭-૮ છે. જોકે આમા કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી પણ નથી મળી રહી.

---

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રાનો સાતમો દિવસ

## આસામ સરકાર ચાના બગીચા ખાનગી માલિકોને વેચતી હોવાનો રાહુલનો આક્ષેપ

। (એજન્સી) લખીમપુર, તા.૨૦ ।

કોંગ્રેસની 'ભારત જોડો ન્યાય યાત્રા'નો આજે સાતમો દિવસ છે. આજે શનિવારે રાહુલ ગાંધી આસામના લખીમ પુરમાં મા દુર્ગાનું મંદિર પદુમણી આઈ થાન પહોંચ્યા છે. તેમણે મંદિરના દરવાજા પર પ્રણામ કર્યા અને તેમની યાત્રા પર આગળ વધ્યા. આ દરમિયાન રાહુલ ગાંધી નાગરિક સમાજ સંગઠનોના પ્રતિનિધિઓને મળ્યા હતા.

આ સમય દરમિયાન, કોંગ્રેસે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કર્યું કે આસામની ભાજપ સરકાર ચાના બગીચા સમુદાય અને ત્યાં રહેતા મજૂરોના કલ્યાણને ધ્યાનમાં લીધા વિના ચાના બગીચાઓને ખાનગી માલિકોને વેચી રહી છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, સરકારે આદિવાસી બેલ્ટ અને બ્લોક્સના કેટલાક સમુદાયોને આપવામાં આવેલ વિશેષ દરજ્જો રદ કર્યો છે. રાજ્યમાં ધાર્મિક રાજનીતિના નામે લોકો પર હુમલા વધી રહ્યા છે. અહીં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આજે આસામના લોકો સંપૂર્ણપણે અસુરક્ષિત અનુભવે છે.

---

### ભારત સાથેના સબંધોમાં તણાવની વચ્ચે કેનેડાથી સમાચાર

## કેનેડાની 3 નગરપાલિકા ૨૨ જાન્યુ. એ અયોધ્યા રામ મંદિર દિવસ ઉજવશે

। (એજન્સી) ટોરેન્ટો, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્ય નિર્માણાધીન મંદિરમાં થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સને હવે વેઢે ગણાય તેટલા દિવસો બાકી છે અને આ મહોત્સવને લઈને દેશ વિદેશમાં વસતા હિન્દુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે ભારત સાથે ચાલી રહેલા રાજદ્વારી વિવાદો વચ્ચે કેનેડાએ આ પ્રાણ પ્રતિષ્ઠાને લઈને એવો નિર્ણય કર્યો છે કે જેનાથી ભારતીયોના દિલ ખુશ થઈ જશે. કેનેડાની ૩ નગર પાલિકાઓએ ૨૨ જાન્યુઆરીને "અયોધ્યા રામ મંદિર દિવસ" તરીકે ઉજવવાની જાહેરાત કરી છે.

ભારત સાથે ચાલી રહેલા રાજદ્વારી વિવાદ વચ્ચે કેનેડાની ત્રણ નગરપાલિકાએ અયોધ્યાના રામ મંદિરમાં થનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને જે નિર્ણય કર્યો છે તેનાથી બધાને ચોંકાવી દીધા છે.

**ન્યૂઝ બ્રિફ**

## અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠાને લઈ જેતપુર માર્કેટ યાર્ડ રહેશે બંધ




। (એજન્સી) જેતપુર, તા.૨૦ ।

અયોધ્યામાં બની રહેલા ભવ્ય રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ ૨૨ જાન્યુઆરીએ યોજાવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ૭૦૦૦થી વધુ લોકો ભાગ લેવાના છે. પવિત્રતા પહેલા ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. કલશ પૂજા પણ શરૂ થઈ ગઈ છે. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા બાદ મંદિર શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાશે. એવું માનવામાં આવે છે કે શરૂઆતના મહિનામાં અહીં લાખો ભક્તો આવશે.

આ દરમિયાન જેતપુર માર્કેટ યાર્ડ અયોધ્યા ખાતે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૨ તારીખને સોમવારે જેતપુર માર્કેટ યાર્ડ બંધ રહેશે. જેતપુર માર્કેટ યાર્ડ વેપારી એસોસિએશન દ્વારા ૨૨ તારીખ ના રોજ બંધ રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે અને ખેડૂતોને તેમની જણસી ન લાવવા અપીલ કરવામાં આવી છે.

તાજેતરમાં જેતપુર યાર્ડમાં જેતપુર જામકંડોરણાના ધારાસભ્ય જયેશ રાદડીયાની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ચેરમેન જેન્તીભાઈ હીરપરા, વાઈસ ચેરમેન હરેશભાઈ ગઢીયા, પૂર્વ ચેરમેન દિનેશભાઈ ભૂવા વગેરેની હાજરીમાં ઓપન ઓકશન પ્લેટફોર્મમાં શે ડબનાવવાના કામનું મુહૂર્ત થયું હતું. ખેડૂતોના હિતોને ધ્યાને લઈ બદલાતી હવામાનની પરિસ્થિતિ અનુસાર માવઠાઓને અનુલક્ષીને કાયમી ધોરણે ઓપન ઓકશન પ્લેટફોર્મ પર શેડ તૈયાર કરાશે . આ શેડ બનતા જેતપુર બજારવિસ્તાર, આસપાસના તાલુકાઓમાંથી આવતાખેડૂતો જણસીઓ જેતપુર માર્કેટ યાર્ડમાં વેચાણ અર્થે લાવશે ત્યારે તેઓને બદલતા વાતાવરણથી રક્ષણ મળશે, પોતાની જણસીઓની ગુણવતા જળવાય રહેશે, ઉત્તમ ભાવ મળશે. આગામી સમયમાં યાર્ડને વધુ અદ્યતન- સંપૂર્ણ સુવિધાયુક્તબનાવવા વધારે, રાહત દરે ખેડૂતો, વેપારીઓ તેમજ યાર્ડ સાથે સંકળાયેલ લોકોને જમવા માટેકેન્ટીનની સુવિધા ઊભી કરાશે. વિશ્વની સૌથી મોંઘી રામાયણમાંથી એક અયોધ્યા પહોંચી ગઈ છે. આ રામાયણની કિંમત ૧.૬૫ લાખ રૂપિયા છે.

### નેપાળમાં પણ લોકો આ દિવસે વિશેષ પૂજા કરશે

# અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવશે

### બ્રિટન અને અમેરિકા સહિત ૬૦થી વધુ દેશોમાં પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે

। (એજન્સી) અયોધ્યા, તા.૨૦ ।

પ્રાણ પ્રતિષ્ઠાને લઈને માત્ર અયોધ્યા જ રામમય બની છે એવુ નથી પરંતુ વિશ્વના અનેક શહેરો પણ પોતપોતાના સ્થળોએ અનેક કાર્યક્રમો દ્વારા આ ઉત્સવનો ભાગ બનવા આતુર છે. ચાલો જોઈએ કે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં ઉજવણી અને પ્રાણ પ્રતિષ્ટાને લઈને વિશ્વભરમાં ક્યાં ક્યાં શું તૈયારીઓ થઈ રહી છે. દેશથી બહાર ક્યા સ્થળે ભવ્ય કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી છે? માત્ર ભારતમાં જ નહીં પરંતુ અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની અને જાપાન સહિત ૬૦થી વધુ દેશોમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. એટલું જ નહીં અનેક મોટા શહેરોમાં રામ યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

ઉત્તર પ્રદેશથી શરૂઆત કરીએ, જ્યાં ભવ્ય કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી છે. ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન વાયુસેનાના હેલિકોપ્ટર અયોધ્યાના રામ મંદિર પર પુષ્પવર્ષા કરશે. અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ઉત્તેજનાનો માહોલ છે. નવનિર્મિત મંદિરમાં ભગવાન રામના બાળ સ્વરૂપની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ ભાગ લેવા માટે મોટી સંખ્યામાં રામ ભક્તો અયોધ્યા પહોંચવા લાગ્યા છે. આ દરમિયાન, આ શુભ અવસર પર અયોધ્યામાં ધામધૂમપૂર્વક ભવ્યાતિભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યારે બ્રિટન અને અમેરિકા સહિત ૬૦થી વધુ દેશોમાં પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા ૨૨ જાન્યુઆરીએ કેન્દ્રીય કર્મચારીઓને અડધા દિવસની રજા આપવાની જાહેરાત બાદ હવે ઘણી રાજ્ય સરકારોએ પણ અડધા દિવસની રજાની જાહેરાત કરી છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા, રાજસ્થાન, છત્તીસગઢ, આસામ અને ત્રિપુરા સહિત ઘણા રાજ્યોની સરકારોએ ૨૨ જાન્યુઆરીએ અડધા દિવસની રજા જાહેર કરી છે. ગોવામાં પણ રાજ્યમાં જાહેર રજા જાહેર કરવામાં આવી છે. હરિયાણાની સરકારે પણ શાળાઓને એક દિવસ બંધ રાખવાની જાહેરાત કરી છે. આટલું જ નહીં, સોમવારે સમગ્ર દેશમાં કેન્દ્રીય સંસ્થાઓ, જાહેર ક્ષેત્રની બેંકો, વીમા



કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ તેમજ પ્રાદેશિક ગ્રામીણ બેંકો અડધા દિવસ માટે બંધ રહેશે. પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને ધ્યાનમાં રાખીને, પંજાબ અને હરિયાણાની બાર કાઉન્સિલે પંજાબ-હરિયાણા હાઈકોર્ટ તેમજ હરિયાણા અને પંજાબની જિલ્લા અદાલતોમાં પણ "નો વર્કિંગ ડે" જાહેર કર્યું છે.

ઉત્તર પ્રદેશના પરિવહન વિભાગે પણ આ દિવસની વિશેષ તૈયારીઓ કરી છે. રામ ભક્તોના ઉત્સાહને જોઈને યોગી સરકારે નિર્દેશ આપ્યા છે. પરિવહન વિભાગ આ દિવસે તમામ બસોમાં રામ ભજન વગાડશે. ખ્યાતનામ કલાકારો દ્વારા ગાયેલા ભજનોની સાથે આજના ભજનો અને રામને લગતા ગીતો પણ વગાડવામાં આવશે. સ્થાનિક ગાયકોના ભજનો પણ વગાડવામાં આવશે.

અયોધ્યાના મંદિરોમાં ૧૪મી જાન્યુઆરીએ રામાયણ, રામચરિતમાનસ પાઠ, સુંદરકાંડ પાઠ અને ભજન કીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે અને તે ૨૪મી માર્ચ સુધી ચાલશે. પ્રાણ પ્રતિષ્ઠા અંગે, સીએમ યોગી આદિત્યનાથના સંસદીય ક્ષેત્ર ગોરખપુર અને મહારાજગંજ સહિત ઘણા જિલ્લાઓમાં ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ શોભા યાત્રા કાઢવામાં આવશે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ અનેક ભવ્ય કાર્યક્રમોની તૈયારીઓ કરવામાં આવી છે.

હિમાચલ પ્રદેશમાં પણ પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજધાની શીમલામાં આવતીકાલે શનિવાર (૨૦ જાન્યુઆરી)થી ૩ દિવસનો કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે. શનિવારે શિમલાના કાલીબારી મંદિરથી શોભાયાત્રા શરૂ થશે. આ શોભાયાત્રા લોઅર બજાર, મોલ રોડ, સીટીઓ અને કૃષ્ણ મંદિરમાંથી પસાર થશે. શિમલાના રામ મંદિરમાં ૨૧ જાન્યુઆરીથી અખંડ પાઠ શરૂ થશે. જે ૨૨ જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે પૂર્ણ થશે. સૂર્યાસ્ત સમયે અહીં હજારો દીવા પ્રગટાવવામાં આવશે. પાડોશી દેશ નેપાળમાં પણ ઉજવણીનો માહોલ છે અને આ દિવસે ૩ હજારથી વધુ મંદિરોમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવશે. રાજધાની કાઠમંડુના પ્રખ્યાત પશુપતિનાથ મંદિરથી તમામ શક્તિપીઠોમાં વિશેષ પૂજા કરવામાં આવશે.

આ ઉપરાંત ગુહેશ્વરી મંદિર, મૈતીદેવી મંદિર અને ભદ્રકાળી સહિત તમામ શક્તિપીઠોમાં સવારથી વિશેષ પૂજા-અર્ચના થશે. ત્યારબાદ બપોરે ભજન કીર્તન અને સાંજે હવન કરવામાં આવશે.

નેપાળ સરકારે પણ લોકોને આ દિવસે વિશેષ પૂજા કરવાનું કહ્યું છે. આ ઉપરાંત લોકોને આ દિવસે દારૂ અને માંસાહારી વસ્તુઓના વેચાણથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. નેપાળના જનકપુર શહેરમાં આવેલા રામ જાનકી મંદિરમાં દરેક ઘરમાં દીવા પ્રગટાવવા અને ઉજવણી કરવાનું કહેવામાં આવ્યું છે. જાનકી મંદિરમાં ૧.૨૫ લાખ દીવા પ્રગટાવવામાં આવશે. ભારતની જેમ નેપાળમાં પણ ઉત્સવનું વાતાવરણ છે અને આ દિવસે અહીં દિવાળીની ઉજવણી કરવામાં આવશે.

વિશ્વના ઘણા દેશોમાં, પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ઉજવણી કરવામાં આવનાર છે. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનું ૫૦ થી વધુ દેશોમાં જીવંત પ્રસારણ કરવામાં આવશે. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફિજી, ઈન્ડોનેશિયા અને જર્મની સહિત ઘણા દેશોમાં લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે. અમેરિકામાં ૩૦૦થી વધુ સ્થળો અને ઓસ્ટ્રેલિયામાં ૩૦ સ્થળોએ પ્રાણ પ્રતિષ્ઠા સંબંધિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. પેરિસના એફિલ ટાવર સુધી રામ યાત્રા કાઢવામાં આવશે. અમેરિકામાં, તેનું ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેર ખાતે મોટા સ્ક્રીન પર જીવંત પ્રસારણ કરવામાં આવશે.

ઈસ્કોનના વિશ્વભરમાં ૯૦૦ જેટલા મંદિરો છે અને આ દિવસે અહીં દિવાળીની ઉજવણી કરવામાં આવશે અને મંદિરો સંપૂર્ણપણે દીવાઓની રોશનીથી દીપી ઉઠશે. આ દિવસે ઈસ્કોનના મંદિરોમાં ભગવાન રામના કીર્તન કરવામાં આવશે. ભક્તોને પ્રસાદ અને પુસ્તકો પણ અર્પણ કરવામાં આવશે. લંડન, ન્યુયોર્ક અને લોસ એન્જલસ સહિત અનેક વિદેશી શહેરોમાં ઉજવણીની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. સમારોહમાંમાં આવનારા લોકો માટે ખાવા-પીવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### અયોધ્યામાં મોકાની જગ્યાઓ પર પ્રોપર્ટીના ભાવ ૯૦૦% વધ્યા

## ધનાઢ્ય લોકોને અયોધ્યાના રિયલ એસ્ટેટમાં જોરદાર નફો દેખાઈ રહ્યો છે

### અયોધ્યા એક ધાર્મિક સ્થળ તરીકે તો વિકસી જ રહ્યું છે, સાથે સાથે અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ મોટા પાયો વિકાસ થયો છે

। (એજન્સી) અયોધ્યા, તા.૨૦ ।

અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ચાલુ છે અને પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ શરૂ થઈ ગયો છે. આ દરમિયાન આ શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે એટલા મોટા પ ાયે કામ થઈ રહ્યું છે કે શહેરની સિકલ જ બદલાઈ ગઈ છે. નવા, પહોળા રસ્તા અને બીજા કોમર્શિયલ ડેવલપમેન્ટના કારણે અયોધ્યામાં કેટલીક જગ્યાઓ પર પ્રોપર્ટીના ભાવ ૯૦૦ ટકા સુધી વધી ગયા છે. આગામી દિવસોમાં અહીં બિઝનેસનો ભારે વિકાસ થશે તે નક્કી હોવાથી દુકાનો, શોપિંગ કોમ્પ્લેક્સ અને હોટેલની ભારે માંગ જોવા મળે છે.

ઉત્તર પ્રદેશના ઘણા ધનાઢ્ય લોકોને અયોધ્યાના રિયલ એસ્ટેટમાં નફો દેખાઈ રહ્યો છે તેથી તેઓ ખરીદી કરી રહ્યા છે અને રિયલ્ટીના ભાવ ઊંચકાતા જાય છે. જાણકારોનું કહેવું છે કે ચારથી પાંચ વર્ષ અગાઉ અહીં મકાનો કે દુકાનોના જે ભાવ ચાલતા હતા તેની તુલનામાં આઠથી ૧૦ ગણો વધુ ભાવ બોલાય છે. રિયલ્ટી સેક્ટરના લોકો કહે છે કે આ તો હજુ શરૂઆત છે. એક વખત રામ મંદિર મુલાકાતીઓ માટે ઓપન થઈ જશે ત્યાર પછી અહીં એટલી મોટી સંખ્યામાં યાત્રીઓ આવશે કે તેમને સમાવવા માટે ટાઉનશિપ બનાવવી પડશે. આગામી અમુક વર્ષમાં અયોધ્યા નજીક ઘણી ટાઉનશિપ અને પ્રાઈવેટ હોટેલો શરૂ થાય તેવી શક્યતા છે. કોલિયર્સ ઈન્ડિયાના સિનિયર ડાયરેક્ટર વિમલ નાદરે જણાવ્યું કે અયોધ્યાની આસપાસ મોટા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઈ રહ્યું છે. સૌથી પહેલા તો એરપોર્ટ ચાલુ થઈ ગયું છે અને તેને હવે ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવામાં આવશે. આ ઉપરાંત રોડ, હોટેલ, હોસ્પિટલો બનાવવા પર કામ ચાલુ છે. ધાર્મિક ટુરિઝમના કારણે અયોધ્યાના વિકાસની ભરપૂર શક્યતાઓ છે.

રામ મંદિર તૈયાર થઈ જશે ત્યારે રોજના લાખો ભાવિકો આ શહેરમાં આવે તેવી શક્યતા છે. તેમના રહેવા અને જમવા માટે સુવિધાઓ કરવી પડશે. તેથી લોજિંગ અને બોર્ડિંગના બિઝનેસમાં તેજી આવશે. આ ઉપરાંત ટુરિઝમને લગતી બીજી સેવાઓ પણ વધશે.

સ્કવેર યાર્ડના પ્રિન્સિપાલ પાર્ટનર રવિ નિર્વાલ જણાવે છે કે જે રોકાણકારોને અયોધ્યાની તેજીમાંથી ફાયદો મેળવવો હોય તેઓ કોમર્શિયલ અને રેસિડેન્શિયલ બંને પ્રકારના પ્રોજેક્ટમાં મૂડી રોકી શકે છે. ભવિષ્યમાં બંનેના ભાવ વધવાના છે. રેસિડેન્શિયલ પ્રોપર્ટી પર રોકાણ કરવામાં વધુ ફાયદો થાય તેમ લાગે છે. ત્રિધાતુ રિયલ્ટીના સહસ્થાપક અને ડિરેક્ટર પ્રિતમ ચિવુકુલા કહે છે કે રોકાણકારો હાલમાં જમીન, પ્લોટ અને ફ્લેટ માટે વધારે ઈક્વાયરી કરી રહ્યા છે. સ્થાનિક લોકો ઉપરાંત વિદેશમાં વસતા ભારતીયોની પણ ઘણી પૂછપરછ આવી છે જેના કારણે પ્રોપર્ટીના ભાવ વધી ગયા છે. રામ મંદિર માટે શીલારોપણ થયું ત્યારથી જ જમીન-મકાનોના ભાવમાં પાંચથી ૧૦ ગણો વધારો થઈ ગયો છે.

## અભિષેક બાદ રામ લલ્લાને ચઢાવવામાં આવશે ૫૬ ભોગ

। (એજન્સી) અયોધ્યા, તા.૨૦ ।

આ સમયે સમગ્ર અયોધ્યા શહેર રામમય બની ગયું છે. નવા મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામ બિરાજમાન છે. ૨૨મી જાન્યુઆરીએ જીવન અભિષેકનો કાર્યક્રમ છે. રામનગરી અયોધ્યાની સાથે સાથે સમગ્ર દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે. સર્વત્ર ઉજવણીનો માહોલ છે. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવા માટે દેશના ખૂણે-ખૂણેથી લોકો આવવા લાગ્યા છે. દરમિયાન રામલલ્લા માટે ૫૬ ભોગ પ્રસાદ પણ આજે અયોધ્યા પહોંચી ગયો છે. ૨૨ જાન્યુઆરીએ તેમના અભિષેક બાદ તેમને ૫૬ ભોગ



ધરાવવામાં આવશે. લખનઉના સજલ ગુપ્તા નામના એક રામ ભક્તે આ મોકલ્યું છે. મધુરિમા સ્વીટ્સે આ પ્રસાદ તૈયાર કર્યો છે. અભિષેક પછી આ પ્રસાદ ભગવાન રામને અર્પણ કરવામાં આવશે. ૫૬ ભોગનો પ્રસાદ આપનારા આ ભક્તે કહ્યું, હું આ ૫૬ ભોગ પ્રસાદ લખનઉથી લાવ્યો છું. મહંતનો આદેશ હતો કે, ૨૨ જાન્યુઆરીએ તેમના અભિષેક પછી આ પ્રસાદ રામલલ્લાને અર્પણ કરવામાં આવશે. ભક્ત સેજલ ગુપ્તાએ એમ પણ કહ્યું છે કે, તે દિવસે રામલલ્લાને ચઢાવવામાં આવનારા પ્રથમ પ્રસાદ અમારી તરફથી જ હશે. ગુપ્તાએ વધુમાં કહ્યું કે, રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે તેમને કહ્યું કે, અભિષેક પછી ભગવાન રામને ચઢાવવામાં આવનારા પ્રથમ પ્રસાદ તેમના દ્વારા આપવામાં આવશે. ૫૬ ભોગ પ્રસાદ મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસના ઘરે પહોંચાડવામાં આવ્યો છે. સત્યેન્દ્ર દાસે કહ્યું કે, લખનઉમાં મધુરિમા સ્વીટ્સની સેજલ ગુપ્તા ૫૬ ભોગ પ્રસાદ લઈને આવી છે. ભગવાન રામના અભિષેક પછી આ પહેલો પ્રસાદ હશે. રામલલ્લાને અર્પણ કર્યા બાદ તેને ભક્તોમાં વહેંચવામાં આવશે. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) એ ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરના અભિષેક સમારોહમાં ભક્તોમાં વિતરણ માટે એક લાખ લાડુ મોકલ્યા હતા. આ લાડુઓ શનિવારે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપવામાં આવશે.

**વિશેષ**

### સાપુતારા પોલીસના કક્ષા-બી ના ૧૬ આવાસોનું લોકાર્પણ કરાયુ

# ગિરિમથક સાપુતારા ખાતે રૂપિયા ૩૭૭.૭૬ લાખના ખર્ચે તૈયાર કરાયેલા નવનિર્મિત પોલીસ આવાસનું લોકાર્પણ કરતા ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી

। (માહિતી) ડાંગ ।

ડાંગ અને તાપી જિલ્લા સાથે રાજકીય કારકિર્દીની શરૂઆતથી જ જોડાવાની મળેલી તકના સંસ્મરણો વાગોળતા ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ, ડાંગ પ્રદેશના લોકોની નિષ્ઠા અને પ્રામાણિકતાની સરાહના કરી, નવનિર્મિત આવાસ જે કર્મચારીઓને ફાળવવામાં આવે, તે આવાસને માત્ર સરકારી મકાન જ નહીં માનતા, પોતાના સપનાનું ઘર તરીકે સમજીને, સુખરૂપ ગૃહપ્રવેશ કરી ખુશીથી પોતાના પરિવાર સાથે જીવન વ્યતિત કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આવાસમાં રહેતા પરિવારોની બહેનોની એક કમિટિ બનાવી આવાસ પરિસરની સ્વચ્છતા જાળવવા સાથે, અહીં રહેતા પોલીસ પરિવારજનોના બાળકોમાં સંસ્કાર બીજનું વાવેતર કરવાનું આહવાન પણ ગૃહમંત્રીશ્રીએ આ વેળા કર્યુ હતું. મંત્રીશ્રીએ જિલ્લાના તમામ પોલીસ આવાસો વચ્ચે સ્વચ્છતા બાબતે તંદુરસ્ત સ્પર્ધા યોજવાની પણ અપીલ કરી હતી.

સભ્ય સમાજના નિર્માણ માટે સૌને એક સંસ્કારી નાગરિક બનવાની હાંકલ કરતા ગૃહ રાજયમંત્રીશ્રીએ, ડાંગ પોલીસની સામાજિક સેવાઓને બિરદાવી, સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ ડાંગ જિલ્લા પોલીસ બખૂબી નિભાવી રહી છે તેમ જણાવ્યું હતું. પોલીસની ફરજો સાથે સામાજિક ઉત્થાન માટેના ડાંગ પોલીસના સંવેદનશીલ અભિગમની સરાહના કરતા શ્રી સંઘવીએ, પીડિત પરિવારોની વ્હારે રહી ડાંગ પોલીસ સમાજને સંવેદનશીલતાનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તેમ ઉમેર્યુ હતું. મંત્રીશ્રીએ ડાંગ પોલીસ સહિત ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને




પદાધિકારીઓએ એક ટિમ બની, ખૂબ જ હકારાત્મકતા સાથે વંચિત પ્રજાજનો સુધી કલ્યાણકારી યોજનાઓની સહાય પહોંચાડવાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યુ છે, તેમ જણાવ્યું હતું. ડાંગ જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રના વિકાસની રહેલી તકોને પિછાણી, ડાંગના પ્રવાસન સ્થળો, વન વિસ્તારો, પ્રાકૃતિક સ્થળો, ધાર્મિક સ્થળોએ સ્વચ્છતાને પ્રાધાન્ય આપી, અહીંના પ્રાકૃતિક સ્થળોની જાળવણીની હિમાયત પણ તેમણે આ વેળા કરી હતી.

સૌને સ્વચ્છતાના આગ્રહી બનવાની અપીલ કરતા ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જિલ્લાના પ્રજા પ્રતિનિધિઓની જાગરૂકતાને બિરદાવી સૌને એકજુટ થઈને વિકાસ પ થ પર આગળ વધવાની શુભકામનાઓ પાઠવી, ડાંગ પોલીસના વિવિધ પ્રકલ્પોના લાભાર્થીઓને વિવિધ લાભો પણ એનાયત કર્યા હતા.

પોલીસકર્મીઓની સેવા અને નિષ્ઠાને બિરદાવતા તેમની કદરરૂપે સુવિધાયુક્ત આવાસો પુરા પાડવાની પહેલ ગુજરાત રાજ્ય સરકારે કરી છે. જે બદલ તેમનો આભાર વ્યક્ત કરતા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે પોતાના ઘર કુટુંબથી દુર રહીને પ્રજાજનોની સલામતી અને સુરક્ષાને પોલીસકર્મીઓ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે તેમ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં આ વેળા જણાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાએ કાર્યક્રમની રૂપરેખા આપી મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તેમણે ડાંગ પોલીસના પ્રોજેકટ દેવી, પ્રોજેક્ટ સંવેદના, તથા પ્રવાસી મિત્ર જેવા સંવેદનશીલ કાર્યોની ઝાંખી પણ રજૂ કરી હતી. કાર્યક્રમના અંતે નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનીલ પાટીલે આભારવિધિ આટોપી હતી.

ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને કાર્યક્રમ સ્થળે ડાંગ પોલીસ દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' અપાયું હતું. ત્યાર બાદ મંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવો સાથે નવનિર્મિત આવાસોનું લોકાર્પણ કરી, પ્રજાજોગ સંબોધન કર્યું હતું. સાપુતારા ખાતે પધારેલા મંત્રીશ્રીની સાથે જિલ્લા/તાલુકાના પદાધિકારીઓ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ભાજપા પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, સંગઠનના હોદ્દેદારો સહિત ઈન્ચાર્જ કલેકટર શ્રી બી.બી.ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોર, સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક શ્રી વાબાંગ જામીર, નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી, હોટલ એસોસિએશનના સેક્રેટરી શ્રી તુકારામ કરડીલે, પોલીસ આવાસ અને વિવિધ પ્રોજેકટના લાભાર્થીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના પોલીસ આવાસ નિગમ દ્વારા તેની સ્થાપનાથી અત્યાર સુધીમાં કુલ ૫૦ હજાર ૯૧૯ જેટલા વિવિધ કક્ષાના રહેણાંકના મકાનોનું બાંધકામ રૂા.૫૧૮૫.૬૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે. તેમાંથી ૪૧,૦૨૭ જેટલા મકાનોનું બાંધકામ રૂ. ૨૯૬૭.૮૯ કરોડના ખર્ચે પૂર્ણ કરી, વપરાશના હેતુસર પોલીસ/જેલ વિભાગને સોંપી પણ દેવામાં આવ્યાં છે.

આ ઉપરાંત નિગમ દ્વારા બિનરહેણાંકના મકાનો જેવા કે પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ, ચેકપોસ્ટ, એસ.પી.ઓફિસ, બેરેક, જેલ, એમ.ટી.સેકશન વિગેરેના બાંધકામની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં નિગમ દ્વારા ૩૫૯૦ જેટલા વિવિધ પ્રકારના બિનરહેણાંકના મકાનોનું બાંધકામ રૂા.૨૯૨૮.૧૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાંથી ૩૨૨૪ જેટલા મકાનોનું બાંધકામ રૂા.૧૯૫૩.૩૦ કરોડના ખર્ચે પૂર્ણ કરી, વપરાશના હેતુસર રાજય સરકારશ્રીને સોંપવામાં આવ્યા છે. આ ઉપરાંત નિગમ દ્વારા પોલીસ વિભાગના રહેણાંક તેમજ બિનરહેણાંકના મકાનોની મરામત અને નિભાવની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. જે માટે રાજય સરકારશ્રી દ્વારા દર વર્ષે અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવે છે.

પોલીસ કર્મચારીઓને સુવિધાયુકત મકાન પુરૂ પાડવાના હેતુસર રાજય સરકાર દ્વારા પોલીસ કોન્સ્ટેબલો/જેલ સિપાહીઓને બે રૂમ રસોડા (1 BHK) ને બદલે ત્રણ રૂમ રસોડા (2 BHK)નું મકાન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અન્વયે રૂા.૧૭૯૨.૨૨ કરોડના ખર્ચે ૭૪૯૪ મકાનોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત રૂા.૮૬૩.૦૯ કરોડના ખર્ચે ૨૬૬ બિન રહેણાંકના પ્રોજેકટ પ્રગતિ હેઠળ છે. આમ, કુલ રૂા.૨૬૫૫.૩૧ કરોડના કામો હાલમાં વિવિધ તબકકે પ્રગતિ હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમની રચના તા.૧.૧૧.૧૯૮૮ના રોજ કંપની ધારા,૧૯૫૬ હેઠળ રાજય સરકારશ્રી દ્વારા પોલીસ વિભાગ માટે રહેણાંક તેમજ બિનરહેણાંકના મકાનોનું બાંધકામ તેમજ તેની મરામતની કામગીરી ઝડપથી થાય તે માટે કરવામાં આવી છે. પોલીસ આવાસ નિગમ દ્વારા ગૃહ વિભાગ હેઠળના વિભાગો, પોલીસ, જેલ, ન્યાય સહાયક વિજ્ઞાન, એ.સી.બી., હોમગાર્ડ વિગેરે માટે રહેણાંક તેમજ બિનરહેણાંકના મકાનોનું બાંધકામ તેમજ તેના મરામતની કામગીરી કરવામાં આવે છે.





આસામના તેઝપુરમાં ઓલ બાથૌ મહાસભાની ૧૩મી ત્રિવાર્ષિક પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હાજરી આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### દિલ્હીમાં બાબર રોડનું નામ અયોધ્યા રોડ કરવાની માંગ




**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

છેલ્લા ઘણા સમયથી ઘણા શહેરોના નામ બદલાઈ રહ્યા છે. ત્યારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હિન્દુ સેનાના કાર્યકરોએ બાબર રોડનું નામ બદલીને અયોધ્યા રોડ કરવાની માંગ કરી હતી. ત્યાં સુધી કે કેટલાક લોકોએ બાબર રોડના બોર્ડની નીચે અયોધ્યા માર્ગનું પોસ્ટર ચોંટાડી દીધું હતું. હિન્દુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ કહ્યું હતું કે હિંદુ સેના લાંબા સમયથી બાબર રોડનું નામ બદલવાની માંગ કરી રહી છે. આ દેશ ભારત ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી વાલ્મીકિ, ગુરુ રવિદાસ જેવા મહાપુરુષોનો છે. અયોધ્યામાં શ્રી રામ મંદિરનું ઉદ્ઘાટન થવાનું છે અને હવે બાબર મસ્જિદ જ રહી નથી તો દિલ્હીના બાબર રોડનો શું કામ હવે તેનું નામ બદલવાનો સમય આવી ગયો છે. નોંધનીય છે કે પ્રભુ રામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો છે ત્યારે આ મંદિર એ જ જગ્યાએ બનાવવામાં આવ્યું છે જ્યાં પહેલા મુઘલ શાસક બાબરના નામ પર મસ્જિદ બનાવવામાં આવી હતી. હિન્દુ સેનાએ અગાઉ ૮ જાન્યુઆરીએ નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એનડીએમસી)ને પત્ર લખીને આ રોડનું નામ બદલીને બાબર રોડથી અયોધ્યા માર્ગ કરવાની માંગ કરી હતી.

### સંપૂર્ણ વિકસિત ભ્રૂણને પણ જીવન જીવવાનો અધિકાર : હાઈકોર્ટ



**। (એજન્સી) જયપુર, તા.૨૦ ।**

રાજસ્થાન હાઈકોર્ટે દુષ્કર્મથી ગર્ભવતી થયેલ ૧૧ વર્ષની બાળકીની ગર્ભપાત કરવાની મંજૂરીની અરજીને ફગાવી દેતા હવે આ બાળકી ગર્ભપાત કરાવી શકશે નહીં. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે "સંપૂર્ણ વિકસિત ભ્રૂણને પણ જીવવાનો, આ દુનિયામાં આવવાનો અને સ્વસ્થ જીવન જીવવાનો અધિકાર છે." ઉલ્લેખનીય છે કે આ બાળકીએ ૩૧ અઠવાડિયાના ગર્ભના ગર્ભપાત કરવાની મંજૂરી માટે અરજી કરી હતી જેનો હાઈકોર્ટે ઈન્કાર કર્યો હતો. શુક્રવારે મળેલા હાઈકોર્ટના આદેશની કોપી અનુસાર જસ્ટિસ અનુપ કુમાર ધંડે કહ્યું કે મેડિકલ બોર્ડની સલાહ મુજબ ભ્રૂણનું વજન વધી રહ્યું છે અને તેના તમામ અંગો સંપૂર્ણ રીતે વિકસિત થઈ ગયા છે. આ ઉપરાંત જસ્ટિસ ધંડે કહ્યું કે, "બાળક હવે જન્મની નજીક છે, તેથી ગર્ભપાતની મંજૂરી આપી શકાય નહીં." તેમણે વધુમાં કહ્યું કે આવા સમાન બે કેસની સુનાવણી કરતી વખતે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પણ ગર્ભપાતની મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો હતો.

### જાપાને ભારતને ૧-૦થી હરાવ્યું

# ઓલમ્પિક ૨૦૨૪ની રેસમાંથી બહાર થઇ ભારતીય હોકી ટીમ

## ભારતીય ટીમને અહીં ૯ પેનલ્ટી કોર્નર મળ્યા હતા પરંતુ તે તેમાંથી એકને પણ ગોલમાં ફેરવી શકી નહોતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

ભારતીય મહિલા હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિકમાં અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ત્યારે ભારતીય ટીમ સેમી ફાઈનલમાં પહોંચી હતી. પરંતુ માત્ર અઢી વર્ષના ગાળામાં જ ટીમની હાલત એવી હતી કે તે પેરિસ ઓલિમ્પિક માટે પણ ક્વોલિફાય થઈ શકી ન હતી.

ભારતીય મહિલા હોકી ખેલાડીઓ તેમજ દરેક ભારતીય રમતપ્રેમી માટે આ એક મોટો આંચકો છે. શુક્રવાર (૧૯ જાન્યુઆરી), ભારતીય મહિલા હોકી



ટીમે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ માટે ક્વોલિફાય થવા માટે જાપાનને કોઈપણ કિંમતે હરાવવાનું હતું, પરંતુ તે મેચ હારી ગઈ હતી.

જાપાને ભારતને ૧-૦થી હરાવીને કરોડો રમતપ્રેમીઓની અપેક્ષાઓ તોડી નાખી. ભારતીય ટીમને અહીં ૯ પેનલ્ટી કોર્નર મળ્યા પરંતુ તે તેમાંથી એકને પણ ગોલમાં ફેરવી શકી નહીં. બીજી તરફ જાપાનનાકાનાઉરાતાએપેનલ્ટીકોર્નર પરથી ગોલ કરીને પોતાની ટીમને લીડ અપાવી હતી. જોકે, આ મેચ પૂરી થઈ ગઈ છે અને તેની સાથે જ પેરિસ ઓલિમ્પિક માટે ભારતીય મહિલા હોકી ટીમની આશાઓ પણ સમાપ્ત થઈ ગઈ છે. ગયા વર્ષની શરૂઆતથી જ મહિલા હોકીમાં થોડી ઉથલપાથલ જોવા મળી હતી. રાની રામપાલ જેવી દિગ્ગજ ખેલાડીને સારું પ્રદર્શન કરવા છતાં ભારતીય ટીમમાં સ્થાન મળી રહ્યું ન હતું.

### રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ

# પાકિસ્તાનનો પૂર્વ ક્રિકેટર(સ્પિનર) દાનિશ કનેરિયા પણ રામભક્ત છે

## કનેરિયાએ રામલલાની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરીને લખ્યું, મારા રામલલા બિરાજમાન થશે

**। (એજન્સી) કરાંચી, તા.૨૦ ।**

અયોધ્યામાં ૨૨મી જાન્યુઆરીએ યોજાનાર રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. હવે દેશભરના રામ ભક્તો બસ એ ક્ષણની રાહ જોઈ રહ્યા છે જ્યારે રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે અને ભગવાન રામના દર્શન થશે.

આ પહેલા ગુરૂવારે ગર્ભગૃહમાં ભગવાન રામલલાની પ્રથમ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. મંદિરના ગર્ભગૃહમાં બિરાજિત



રામલલાની પ્રથમ તસવીર પણ સામે આવી છે. આ દરમિયાન પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ખેલાડી અને સ્પિનર દાનિશ કનેરિયાએ પણ રામલલાની પ્રતિમાની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર શેર કરીને લખ્યું, 'મારા રામલલા બિરાજમાન થશે.'

રામલલાની મૂર્તિને પગથિયાં પર સ્થાપિત કરવામાં કુલ ચાર કલાકથી વધુનો સમય લાગ્યો હતો. ભગવાન રામની આ મૂર્તિને મંત્રોચ્ચાર અને પૂજાની વિધિઓ સાથે આસન પર મૂકવામાં આવી હતી. આ દરમિયાન શિલ્પકાર યોગીરાજ અને ઘણા સંતો પણ હાજર હતા. હવે ૨૨મી જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા કરાશે. બુધવારે રાત્રે રામલલાની મૂર્તિને ક્રેનની મદદથી રામ મંદિર પરિસરની અંદર લાવવામાં આવી હતી. તેની કેટલીક તસવીરો પણ સામે આવી હતી.



કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દિલ્હી કેન્ટમાં એનસીસી પ્રજાસત્તાક દિવસ શિબિરની મુલાકાત લીધી હતી.

### કાર્યક્રમમાં અનેક સેલિબ્રિટીસને આમંત્રણ

# કોઈ જાય કે ન જાય, હું અયોધ્યા જઈશ : હરભજનસિંહનો મત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમની તાડામાર તૈયારીઓ પણ ચાલી રહી છે. દેશવાસીઓમાં આ દિવસને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમ માટે ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની, સચિન તેંડુલકર, વિરાટ કોહલી, રવિચંદ્રન અશ્વિન સહિત અનેક ભારતીય ક્રિકેટર્સને આમંત્રણ મળ્યું છે. બીજી તરફ ક્રિકેટર



અને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ હરભજન સિંહે આ કાર્યક્રમમાં સામેલ થવા અંગે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'ભલે કોઈ જાય કે, ન જાય પરંતુ હું આ કાર્યક્રમમાં સામેલ થવા માટે અયોધ્યા જશે.'

### ૨૫મીથી ભારત-ઈંગ્લેન્ડની પાંચ મેચની ટેસ્ટ સિરિઝ

# ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીને 3 મહિનાના સમય પર સવાલ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

હાલમાં જ ભારતીય ક્રિકેટ ટીમે અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની ટી-૨૦ સીરીઝ પૂરી કરી છે. જેમાં ટીમ ઈન્ડિયાએ ૩-૦થી જીત મેળવી હતી. હવે ટીમ ઈન્ડિયા સામે નવો પડકાર ઈંગ્લેન્ડનો છે. જેમાં હવે ૨૫ જાન્યુઆરીથી ઈંગ્લેન્ડની ટીમ ભારતના પ્રવાસ પર પાંચ મેચની ટેસ્ટ સીરીઝ રમશે. પરંતુ આ સીરીઝને લઈને તેની સમય મર્યાદા પર ઘણા સવાલો ઉઠી રહ્યા છે. જેમાં સૌથી મોટો પ્રશ્ન આ ટેસ્ટ સીરીઝ પૂરી કરવામાં ત્રણ મહિનાનો સમય લાગશે તે છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી પાંચ મેચની ટેસ્ટ શ્રેણીના શેડ્યૂલ પર નજર કરીએ તો તેમાં ત્રણ મહિનાનો સમય લાગી રહ્યો છે. એવા અહેવાલો છે કે ૨૦ જાન્યુઆરીથી ટીમ ઈન્ડિયાનો કેમ્પ હૈદરાબાદમાં શરૂ થશે. મતલબ કે ટીમ ઈન્ડિયા આજથી ટેસ્ટ મેચની તૈયારીઓમાં લાગી જશે. પ્રથમ ટેસ્ટ મેચ ૨૫ થી ૨૯ જાન્યુઆરી વચ્ચે રમાશે. બીજી મેચ ૨ થી ૬ ફેબ્રુઆરી દરમિયાન વિશાખાપટ્ટનમમાં રમાશે.

### ૨૫ જાન્યુઆરીથી ટેસ્ટ શ્રેણી શરૂ થશે

# BCCIએ ભારતીય ટીમમાં રિંકુ સિંહ સામેલ કર્યો, જે ઈંગ્લેન્ડ સામે રમશે

**। નવી દિલ્હી, તા.૨૦ ।**

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ૨૫ જાન્યુઆરીથી ટેસ્ટ શ્રેણી શરૂ થવા જઈ રહી છે. દરેક ક્રિકેટ ચાહક તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને દિવસોની ગણતરી કરી રહ્યા છે. શ્રેણીને લઈને ઘણી ઉત્સુકતા છે કારણ કે આ વખતે બંને ટીમો વચ્ચે ૫ ટેસ્ટ મેચો રમાવાની છે.

ઈંગ્લેન્ડની ટીમ સિરીઝ માટે ભારત પહોંચવા જઈ રહી છે, જ્યારે ટીમ ઈન્ડિયા પણ જલ્દી જ પોતાનો ટ્રેનિંગ કેમ્પ શરૂ કરવા જઈ રહી છે. આ બધાની વચ્ચે સમાચાર આવ્યા છે કે રિંકુ સિંહ પણ એક ઈંગ્લેન્ડ ટીમ સામે રમતા જોવા મળશે અને BCCIએ પણ આ વાતની જાહેરાત કરી છે. આ રીતે ભારત ૭ ટીમમાં રિંકુની એન્ટ્રી થઈ છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૫ જાન્યુઆરીથી હૈદરાબાદમાં પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થશે. આ શ્રેણીની સાથે ભારત અને ઈંગ્લેન્ડની ટીમો વચ્ચે બીજી શ્રેણી પણ ચાલુ રહેશે જે પહેલાથી જ શરૂ થઈ ગઈ છે. ભારત ૭ અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચે બિનસત્તાવાર ટેસ્ટ મેચોની શ્રેણી રમાઈ રહી છે, જેની પ્રથમ મેચ ૧૭ જાન્યુઆરીએ અમદાવાદમાં શરૂ થઈ હતી. આ સીરીઝની વધુ ૨ મેચ રમવાની છે અને BCCI એ આ માટે ટીમની જાહેરાત કરી છે. BCCIની મેન્સ સિનિયર સિલેક્શન કમિટીએ શુક્રવારે ૧૯ જાન્યુઆરીએ સિરીઝની બીજી અને ત્રીજી મેચ માટે ટીમની જાહેરાત કરી હતી.



આ બંને મેચમાં પણ ટીમની કમાન અભિમન્યુ ઈશ્વરના હાથમાં રહેશે પરંતુ શ્રેણીમાં કેટલાક વધુ ખેલાડીઓની એન્ટ્રી થઈ છે. આમાં સૌથી લોકપ્રિય નામ રિંકુ સિંહનું છે. ટીમ ઈન્ડિયાના આ ઉભરતા વિસ્ફોટક બેટ્સમેનને ત્રીજી મેચ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે.

અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણીમાં જોરદાર પ્રદર્શન કર્યા બાદ રિંકુ હાલમાં ઉત્તર પ્રદેશની ટીમ સાથે છે, જ્યાં તે રણજી ટ્રોફી મેચ રમી રહ્યો છે. આ ટીમમાં રિંકુ ઉપરાંત વોશિંગ્ટન સુંદર અને તિલક વર્માનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સુંદર અને તિલક બંને મેચ માટે ઉપલબ્ધ રહેશે.

આ બંને મેચ માટે અર્શદીપ સિંહ અને યશ દયાલની પણ પસંદગી કરવામાં આવી છે. આ સિવાય વિકેટકીપર કુમાર કુશાગ્ર અને ઉપેન્દ્ર યાદવને ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે કારણ કે ધ્રુવ જુરેલ અને કેએસ ભરત ટેસ્ટ શ્રેણી માટે ટીમ ઈન્ડિયા સાથે જોડાશે. બીજી મેચ ૨૪મી જાન્યુઆરીથી અને ત્રીજી મેચ ૧લી ફેબ્રુઆરીથી શરૂ થશે.

આ મેચો પણ માત્ર અમદાવાદમાં જ રમાશે. ક્રિકેટમાંથી બ્રેક લઈ રહેલા ઈશાન કિશન પણ આ સિરીઝમાં નહીં રમે.

# ચેક રિપબ્લિક નિખિલ ગુપ્તાનું યુનાઇટેડ સ્ટેટ્સને પ્રત્યાર્પણ કરી શકે છે

**। (એજન્સી) પ્રાગ, તા.૨૦ ।**

અમેરિકામાં રહેલા ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાના કથિત કાવતરામાં ભારતની સંડોવણી હોવાના આરોપ લાગ્યા હતા, જેને કારણે ભારત અને યુએસ વચ્ચે રાજદ્વારી તણાવ વધ્યો હતો. ચેક રિપબ્લિકની કોર્ટના એક નિર્ણય બાદ ભારતની મુશ્કેલીઓ વધી શકે છે. ચેક રિપબ્લિકના ન્યાય મંત્રાલયે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રાગ હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે ચેક રિપબ્લિક નિખિલ ગુપ્તાનું યુનાઈટેડ સ્ટેટ્સને પ્રત્યાર્પણ કરી શકે છે. નિખિલ





ગુપ્તા મૂળ ભારતીય છે, નિખિલ પર યુએસમાં ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાના નિષ્ફળ કાવતરામાં સામેલ હોવાનો આરોપ છે. ૫૨ વર્ષીય નિખિલ ગુપ્તા પર ન્યૂયોર્કમાં યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા ગયા વર્ષે નવેમ્બરમાં ભારતીય સરકારના કર્મચારી સાથે પન્નુનની હત્યાના નિષ્ફળ કાવતરામાં સંકળાયેલો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

નિખિલ ગુપ્તા યુએસ અને કેનેડિયન નાગરિકતા ધરાવે છે. ગુપ્તાની ૩૦ જૂન, ૨૦૨૩ ના રોજ ચેક રિપબ્લિકના પ્રાગમાં ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેને ત્યાં જ રાખવામાં આવ્યો છે.

અમેરિકાની સરકાર તેના પ્રત્યાર્પણની માંગ કરી રહી છે. ચેક રિપબ્લિકના ન્યાય મંત્રાલયના પ્રવક્તા વ્લાદિમીર રેપકાએ જણાવ્યું હતું. "કોર્ટનો નિર્ણય તમામ પક્ષકારોને પહોંચાડ્યા પછી, કેસની તમામ ફાઈલ સામગ્રી ન્યાય મંત્રાલયને સબમિટ કરવામાં આવશે.

## તંત્રી લેખ...

# સમુદ્રમાં સૈન્ય તાકાતમાં વધારો કરવાની શક્યતા

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલતા ભીષણ યુદ્ધના કારણે પશ્ચિમ એશિયાની શાંતિ અને સ્થિરતા સામે સંકટ ઉભું થયું હતું જે હવે વધુ ઘેરું બન્યું છે. હમાસનું સમર્થન કરવાના નામે યમનના એક ભાગ ઉપર કબજો કરીને હૂતી વિદ્રોહીઓએ લાલ સાગરમાંથી પસાર થતા જહાજોને નિશાન બનાવવાનું શરુ કર્યુ. જેના કારણે અમેરિકા અને બ્રિટનને હૂતી વિદ્રોહીઓ સામે મોરચો ખોલવો પડયો. માનવામાં આવી રહ્યું છે કે, અમેરિકા અને બ્રિટનની આ કાર્યવાહીના જવાબમાં છેલ્લા કેટલાક દિવસોથી ઈરાને ઈરાક અને સીરિયાનું સમર્થન કરનાર જૂથોને નિશાન બનાવ્યા છે. આ હૂમલાઓ દ્વારા ઈરાને ઈઝરાયલની સાથે અમેરિકાને પણ એ સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે કે તે પશ્ચિમ એશિયામાં તેમના હિતોને નુકસાન કરવા માટે સક્ષમ છે. બીજી તરફ ઈરાને ઈરાક અને સીરિયા ઉપર હૂમલો કરવાની સાથોસાથ પાકિસ્તાનમાં પણ બલૂચિસ્તાનમાં સક્રિય આતંકી સંગઠનના ઠેકાણો પર હૂમલો કર્યો છે. તેનાથી લાગી રહ્યું છે કે, તે પોતાની તાકાતનું પ્રદર્શન કરવાની કોઈપણ તક છોડવા માંગતું નથી. માનવામાં આવી રહયું છે કે, આ એ આતંકી સંગઠન છે જેણે કુલભૂષણ જાધવનું ઈરાનથી અપહરણ કરીને પાકિસ્તાનને સોંપ્યાો હતો. ઈરાનના હૂમલાથી પાકિસ્તાન બેચેન બની જાય તે સ્વાભાવિક છે. પરંતુ તે એ સત્યથી મ્હોં ન ફેરવી શકે કે તેની જમીન પર અનેક પ્રકારના આતંકી સંગઠનો પોષિત થઈ રહ્યા છે. પાકિસ્તાને ઈરાનને કડક ચેતવણી આપી હતી છતાંયે ઈરાનને તેની કોઈ અસર થઈ નથી. ઈરાનના હૂમલા સંદર્ભ પાકિસ્તાન ગમે તેટલી બૂમરાણ મચાવે છતાંયે તેના પ્રત્યે કોઈ પણ દેશ હમદર્દી નહીં દર્શાવે. કારણ કે ઈરાનનો હૂમલો આતંકી સંગઠનના ઠેકાણા પર કરવામાં આવ્યો હતો. ચોતરફ મુશ્કેલીઓ હોવા છતાંયે પાકિસ્તાન આતંકીઓને પાળવા-પોષવા અને આશરો આપવાની કુચેષ્ટા છોડી શકતું નથી. પરંતુ હવે જયારે પાકિસ્તાન પર ઈરાનના હૂમલાથી પશ્ચિમ એશિયાનું સંકટ દિક્ષણ એશિયા પર પહોંચ્યું હોવાના સંજોગોમાં ભારતે સતર્ક રહેવું પડશે. જો કે ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો સામાન્ય છે અને થોડા સમય અગાઉ ભારતીય વિદેશ મંત્રી ઈરાનની મુલાકાતે ગયા હતા. પરંતુ એ વાતને નજર અંદાજ ન કરી શકાય કે લાલ સાગરમાં જે હૂતી વિદ્રોહી સમુદ્ર વ્યાપાર માટે સંકટ ઉભું કરી રહ્યા છે, તેઓને ઈરાનનું ખુલ્લું સમર્થન છે. જે પ્રકારે ઈઝરાયલને નેસ્તનાબૂદ કરવાની કવાયતથી ગ્રસ્ત ગાઝામાં સક્રિય હમાસ અને લેબનોનમાં અસરગ્રસ્ત હિઝબુલ્લા જેવી સ્થિતિ છે. આવા આતંકી સંગઠનોને ઉપસાવતું ઈરાન પશ્ચિમ એશિયાની શાંતિ માટે ખતરો બની શકે છે. ઈરાન દ્વારા હૂતી વિદ્રોહીઓને લાલ સાગરમાં સમુદ્રી જહાજો પર કરાતા હૂમલાઓને અટકાવવામાં નહીં.

## ધર્મ પ્રેરિત રાજધર્મ અને રાજનીતિનો વિકાસ



ધર્મ અને રાજનીતિનું સહઅસ્તિત્વ લોકમંગલદાતા છે. શ્રીરામ જન્મભૂમિ પર ભવ્ય મંદિર સેંકડો વર્ષોથી રાષ્ટ્રીય અભિલાષા છે. અનેક પ્રયાસો કરાયા, અનેકોએ જીવન ગૂમાવ્યા. વ્યાપક સંઘર્ષ થયા પરંતુ તત્કાલીન રાજનીતિ ધર્મની સાથે ઉભી ન થઈ. હવે રાજનીતિ અને ધર્મના કર્તવ્યપાલનથી કરોડો લોકોનું સ્વપ્ન પૂર્ણ થયું. સ્વતંત્ર ભારતમાં ધર્મ અને રાજનીતિની વચ્ચે શત્રુતાનો ભાવ હતો. અહીં ધર્મ અને આધુનિક રાજનીતિના સંબંધો યૂરોપીય મંડળથી સંચાલિત થતા રહ્યા હતા. યૂરોપમાં રાજવ્યવસ્થા અને ચર્ચના અધિકારોને લઈને લાંબો સંઘર્ષ થયો હતો. આ સંઘર્ષને ટાળવા માટે ચર્ચ અને રાજાના કાર્યોમાં વિભાજન કરાયું. સાંસરિક કાર્ય, રાજનીતિ અને રાજયવ્યવસ્થાના ભાગમાં આવ્યા તેમજ પંથિક કાર્યો ચર્ચને મળ્યા. આ વિચારધારા ભારત પહોંચવા દરમ્યાન અહીં પંથનો અર્થ ધર્મ થઈ ગયો. રાજનીતિ અને ધર્મ અલગ થઈ ગયા. રાજનીતિ નિંદા ક્ષેત્ર બન્યું અને ધર્મ સાંપ્રદાયિક. સામાન્ય ઘટનાઓ અંગે પણ લોકો ટીપ્પણી કરતા હતા કે આ કામમાં રાજનીતિ ન થવી જોઈએ. સંપ્રતિ રાજનીતિક-સંવૈધાનિક સંસ્થાઓ અને ધર્મની વચ્ચે સારા સંબંધો ન રહ્યા. જયારે કાયદા દ્ઘારા દરેક પડકારૂપ કામમાં આદર્શ રાજનીતિ હોવી જોઈએ. ભારતનો ધર્મ ઈસાઈ કે ઈસ્લામની જેમ પંથ નથી. તે પ્રકૃતિ અને મનુષ્યતાની આદર્શ આચાર સંહિતા છે. અહીં આદિકાળથી ધર્મ અને રાજનીતિ સહગામી રહ્યા છે. સમાજવાદી ચિંતક ડો. રામમનોહર લોહિયાએ ધર્મ અને રાજનીતિએ એક ગણાવ્યા હતા અને કહયું હતું કે, રાજનીતિ અલ્પકાલિક ધર્મ છે અને ધર્મ દીર્ઘકાલિક રાજનીતિ. ધર્મનું કામ છે શુભની સ્થાપના અને સારપ તરફ પ્રેરિત કરવા. રાજનીતિનું કામ છે ખરાબ બાબતો સામે લડવું. ધર્મ સારપ ન કરે અને સ્તુતિ કરતો રહે તો તે નિષ્પ્રાણ થઈ જાય છે. જયારે રાજનીતિ ખરાબ બાબતો સામે ન લડે, ફકત નિંદા કરે તો તે ઝઘડાળુમાં પરિવર્તિત થઈ જાય છે. ડો.લોહિયાએ ધર્મ અને રાજનીતિના મૂળ તત્વોને સંમ્મિલત પર ભાર મૂકયો હતો કે બંને એકબીજાથી સંપર્ક ન તોડે. જો કે સેકયુલર ધારણા ધરાવતા યૂરોપ મંડળમાં રાજનીતિમાં ધર્મ પ્રેરણાને કોઈ સ્થાન ન હતું. ઈસ્લામ અને ઈસાઈ પંથ કે રીલીજન છે. પંથ મજહબ ધર્મ નથી, પરંતુ તેને પણ ધર્મ કહેવામાં આવે છે. ધર્મ એક છે, પરંતુ સર્વ ધર્મ સમભાવની ચર્ચા થાય છે. પંથનિરપેક્ષતાને ધર્મનિરપેક્ષતા કહેવાય છે. તમામ ધર્મોને સમાન બતાવવામાં આવે છે. જયારે બૃહદારણ્યક ઉપનિષદમાં ધર્મની પરિભાષા છે કે ધર્મ પ્રકૃતિની તમામ બાબતોનો મધુસાર છે અને સમસ્ત બાબતો ધર્મની મધુસાર છે. ધર્મમાં બ્રહ્માંડની તમામ ગતિવિધિઓ સંમિલિત છે. તમામ જીવ પ્રતિ આદર્શ વ્યવહાર ધર્મ સરિતાનો જ ભાગ છે. મનુષ્ય આદમ કાળથી જ આનંદ અભિલાષી છે. તે સુંદર, સુરિક્ષત, સુખી અને સંપન્ન ભૂક્ષેત્રમાં રહેવા ઈચ્છે છે. આવા સુખો માટે આદર્શ રાજવ્યવસ્થા અને રાજનીતિ હોવી જરુરી છે. રાજવ્યવસ્થા વિહિત ભૂક્ષેત્રોમાં અરાજકતા હોય છે. વાલ્મીકી અને વ્યાસે રાજવ્યવસ્થા વિહિન ક્ષેત્રોની દુર્દશાનું વર્ણન કર્યુ છે.

# રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત નવ્ય અયોધ્યા દિવ્ય અયોધ્યા યથાર્થ લાગે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

સમગ્ર વિશ્વની નજર અત્યારે અયોધ્યા પર મંડરાયેલી છે આમ તો હવે ભારતની આબોહવા કેવી છે રાજકારણમાં કેવી ગરમા ગરમી છે અને કોઈ શોધ સંશોધન કે નવી ફિલ્મ કે નવો કોઈ વિવાદ ઉભો થયો નથી ને કે ઉભો થયો હોય તો એ મુદ્દે ચર્ચા વિચારણા કરીને પણ ભારતની આસપાસ જ બધા દેશોની નજર મંડાયેલી હોય છે એટલો ઝડપી વિકાસ ભારતે છેલ્લા થોડા વર્ષમાં કર્યો છે. યોગ્ય વ્યક્તિની વરણી થવાથી નાના-મોટા દરેક ક્ષેત્રમાં ઉત્ક્રાંતિ આવે એ એક સ્વાભાવિક વાત છે પરંતુ આ ઉપરાંત પ્રજા પણ જો દેશના વિકાસમાં સાથ આપે તો એ હજી વધુ વિકાસ સાધી શકે. પણ અત્યારે વિશ્વની નજર ભારત પર ટકી હોવાનું એક કારણ કોઈ આર્થિક નીતિ કે રણનીતિ નથી પરંતુ ભગવાન રામની જન્મભૂમિ એવા અયોધ્યામાં બનેલા રામ મંદિરમાં તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ એટલે કે આવતીકાલે ભગવાન રામ લીલાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવશે.

સમગ્ર રાષ્ટ્ર એટલે કે એક એક પ્રાંતમાંથી ભગવાન રામ અને આરામ મંદિર માટે અનેક ભેટો આવી છે મંદિરની રચના પણ આકર્ષણનું કેન્દ્ર છે અને જબરજસ્ત પરિષદ ધરાવતું આ મંદિર ભારતનું અત્યારે સૌથી મોટું મંદિર બનવા જઈ રહ્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ૨૦૨૦માં રામમંદિરના નિર્માણની શરૂઆત થઈ હતી. ૬૭ એકરના વિશાળ પરિસરની સંપૂર્ણ સફાઈ કર્યા બાદ તેમાંથી બે એકર જમીનની પસંદગી મંદિર માટે કરવામાં આવી હતી. ૧૪ હજારથી થી ૧૮ હજાર કરોડનો અંદાજીત ખર્ચ આંકવામાં આવ્યો છે. આમ હજારો કરોડના ખર્ચે આકાર પામેલા નવા રામમંદિર સાથે દરેક સનાતન દરમિયાન હિંદુઓ ની લાગણી પણ જોડાયેલી છે. અયોધ્યાને રામ જન્મભૂમિ તરીકે જોવામાં આવે તો અહીં આપણી સંસ્કૃતિ ની ધરોહર હોવા છતાં પહેલાના મૂળ મંદિરને તોડી અને ત્યાં બાવરે મસ્જિદ નું નિર્માણ કર્યુ હતું અને ત્યારબાદ આ વિવાદ શરૂ થયો તેને છેક ૨૦૨૦ માં ન્યાય મળ્યો. છેલ્લા કેટલાક સમયથી અયોધ્યા માં પ્રાંત પ્રાંત થી પ્રવાસીઓ આવે છે અને મંદિરના નિર્માણને લઈને પોતાની ઈચ્છા શક્તિ મુજબ સોના ચાંદી રૂપિયા વગેરેની ભેટ પણ ધરે છે. કેટલાક લોકો અયોધ્યા વાસીઓના ઈન્ટરવ્યૂ લઈને ઓડિયો વીડિયો પણ બનાવે છે અને આમ સનાતન ધર્મ વિશે પોતે પણ કંઈક કરી રહ્યા હોય એવો સોશિયલ મીડિયા પર માહોલ ઉભો કર્યો છે. યેનકેન પ્રકારે લોકોને ચર્ચામાં રહેવું છે. મૈસુર ના મૂર્તિકાર અરુણ યોગીરાજ દ્વારા ભગવાન રામલલાની મૂર્તિ બનાવવામાં આવી છે.

અરુણ યોગીરાજ કર્ણાટકના રહેવાસી છે, અને તેઓ પાંચ પેઢીથી મૂર્તિ બનાવવાનું કામ કરતી આવી છે. આમ મૂર્તિકાર તરીકેની પૃષ્ઠભૂમિ ધરાવતા અરુણ યોગીરાજ અત્યારે દેશમાં સૌથી વધુ ડિમાન્ડ વાળા મૂર્તિકાર છે તેમના પિતા યોગીરાજ પણ કુશળ મૂર્તિકાર તરીકે જાણીતા છે અરુણ યોગીરાજની પ્રશંસા આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ કરી હતી. એના દાદા ને મૈસુર ના રાજા દ્વારા સૌરક્ષણ પણ અપાયું હતું. મંદિરની મુખ્ય મૂર્તિ એટલે કે ભગવાન રામની ૫ ાંચ વર્ષના બાળકના રૂપમાં મૂર્તિને કંડારીત કરવામાં આવી છે. મૂર્તિનું વજન અંદાજિત ૧૫૦ કે ૨૦૦ કિલોગ્રામ છે, અને એની ઊંચાઈ જમીનથી સાત ફૂટ ઉંચી છે. મૂર્તિ ૪.૨૪ ફૂટ ઊંચી છે, ત્રણ ફૂટ ૫ હોળી છે, આ મૂર્તિ કાળા પથ્થરમાંથી બનાવવામાં આવી છે અને એ પથ્થર પણ બહુ જૂનો ઈતિહાસ ધરાવે છે. એક જ પથ્થરમાંથી કોતરેલી આ મૂર્તિ ની આયુ હજારો વર્ષોની આંકવામાં આવે છે. એની પર ચંદન કંકુ લગાડવાથી પણ એને કોઈ વિપરીત અસર નહીં થાય. ભગવાન રામ આજાન બાહુ હોવાથી મૂર્તિના હાથ ગોઠણ સુધીના છે. કમળ પર ઉભેલા આ બાળક રામની મૂર્તિના દર્શન છેક શુક્રવારે થયાં, અને સોશ્યલ મીડિયા પર એને લગતાં વિડિયો વાયરલ થયાં. જૂની પ્રતિમા પણ ગર્ભગૃહમાં જ રાખવામાં આવી છે.


આ ઉપરાંત ભગવાન વિષ્ણુના અન્ય ૧૦ અવતારની મૂર્તિઓ પણ ગર્ભ ગૃહમાં અંકિત કરવામાં આવી છે. આ ઉપરાંત માથા ની બાજુ સ્વસ્તિક, સૂર્ય, ચક્ર, ગદા, અને ૐ ને પણ અંકિત કરવામાં આવ્યા છે. રામભક્ત હનુમાનજી ને પણ અંકિત કરવામાં આવ્યા છે. ભગવાન રામલલાના મુખ પર મનમોહક સ્મિત કંડારવામાં આવ્યું છે અને તેમનાં હાથમાં ધનુષબાણ પણ દેખાય છે. જૂની મૂર્તિ વિશે પણ ચર્ચા થાય છે, ત્યાંના પૂજારી સત્યેન્દ્ર દાસ એ કહ્યું કે એની પણ અત્યાર સુધી જેમ પૂજા થતી એમ જ થશે અને એટલે જ એને પણ ગર્ભગૃહમાં રાખવામાં આવી છે. રામ મંદિરનો પ્રસંગ નજીક આવતા જ ચારેબાજુથી ભેટો આવવા લાગી છે. ગુજરાત સહિત અન્ય બધા જ પ્રાંત એ આ વખતે આ બાબતે સમન્વય સાધ્યો છે, અને મન મુકીને દાન, ભેટ સોગાદનો જાણે વરસાદ થયો હોય એવી પરિસ્થિતિ છે.ભગવાન રામની મૂર્તિને સુશોભિત કરનારી બંગડીઓ, ૫૬ પ્રકારના 'પેઠા', ૫૦૦ કિલો લોખંડ-તાંબાના 'નાગડા' અને 'ઓનાવિલુ' જેવી પરંપરાગત વસ્તુઓ, ચોખા, સૂરત અને મથુરાથી લાડુ, અને શાકભાજીના પ્રસાદ સુધી, વિવિધ પ્રકારની ભેટો છે. અયોધ્યા અભિષેક સમારોહની તૈયારી કરતી વખતે દેશભરમાંથી પૂર આવે છે. ૨૨ જાન્યુઆરીના કાર્યક્રમ માટે ભેટની યાદીમાં કન્નૌજના ખાસ અત્તર, અમરાવતીથી ૫૦૦ કિલો 'કુમકુમ'ના પાન, દિલ્હીના રામ મંદિરમાં એકત્ર કરાયેલ અનાજ, ભોપાલના ફૂલો અને ૪.૩૧ કરોડ વખત 'ભગવાન રામ' લખેલા કાગળોનો પણ સમાવેશ થાય છે. વડોદરા અને મધ્યપ્રદેશના છિંદવાડાથી રામ મંદિર પ્રબંધન સમિતિને ૧૦૮ ફૂટની અગરબત્તી, ૨,૧૦૦ કિલોની ઘંટડી, ૧,૧૦૦ કિલો વજનનો વિશાળ દીવો, સોનાનાં પગરખાં, ૧૦ ફૂટ ઊંચું તાળું અને ચાવી અને એક સાથે સમય દર્શાવતી ઘડિયાળ જેવી અન્ય ઓફરો મળી છે. આઠ દેશોમાં, અન્ય વચ્ચે. આમ એક ઐતિહાસિક ઘટના ને યાદગાર બનાવવા માટે અંતિમ તબક્કામાં પણ ખૂબ જહેમત ઉઠાવવામાં આવે છે.

કેન્દ્ર સરકાર ઉપરાંત દરેક રાજ્ય સરકાર એ પણ આ દિવસને યાદગાર બનાવવા રજા જાહેર કરી છે તો રાજસ્થાન સરકારે એ દિવસે અયોધ્યા રામ મંદિર 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહને ધ્યાનમાં રાખીને ૨૨ જાન્યુઆરીએ રાજ્યમાં તમામ કતલખાનાઓ અને માંસ અને માછલીની દુકાનો બંધ કરવાનો આદેશ જારી કર્યો છે.લાતુરમાં ભગવાન રામની ૨.૩ લાખ 'દીયા'થી બનેલી તસવીર બનાવવા આવી છે. મહારાષ્ટ્રના લાતુરમાં ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં દેવતાના મંદિરની મૂર્તિના અભિષેકને ચિહ્નિત કરવા માટે ૧૫૦૦૦ ચોરસ ફૂટના પ્લોટ પર ભગવાન રામની છબી ૨.૩ લાખ 'દીવા'નો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. આ છબી, ૧૦૦ થી વધુ કલાકારો દ્વારા બનાવવામાં આવી હતી. ૧૪ જાન્યુઆરી અને ૧૯ જાન્યુઆરી વચ્ચે, શુક્રવારે સાંજે સ્થાનિક સાંસદ સુધાકર શ્રંગારે દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, મૂર્તિના અભિષેકના દિવસે, હેલિકોપ્ટરથી છબી પર ફૂલોની વર્ષા કરવામાં આવશે, જ્યારે વિશાળ સ્ક્રીન્સ અયોધ્યા ઈવેન્ટને જીવંત કરશે. ૨૨ જાન્યુઆરીએ વિશ્વના સૌથી મોટો ગણાતો ૩૦૦ ફૂટનો 'માટીનો દીવડો પ્રગટાવવામાં આવી રહ્યો છે. પ્રકૃતિના પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ભગવાનનો પ્રસાદ પીરસવા માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ ને ટાળવામાં આવ્યો છે. લખનૌ,વારાણસી, પ્રયાગરાજ, બાલાયશિ ઉપરાંત લગભગ દરેક રાજ્યમાંથી આ નિમિત્તે બસ દોડાવવામાં આવી છે.આરબીઆઈએ શુક્રવારે માહિતી આપી હતી કે ૨૨ જાન્યુઆરી એટલે કે સોમવારના રોજ મની માર્કેટ્સ સરકાર દ્વારા જાહેર કરાયેલ અડધા દિવસની રજાને પગલે સવારે ૯ વાગ્યાને બદલે બપોરે ૨.૩૦ વાગ્યે ખુલશે. શેર કોડિટીઝ અને કરન્સી બજારમાં સોમવારે ટ્રેડિંગ બંધ રહેશે. સોલાપુર ખાતે સૌથી મોટી કોલોનીના લોકાર્પણ સમયે આપણાં લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ અપીલ કરી છે કે ઘેરઘેર રામજ્યોત પ્રગટાવે. આમ નવ્ય અયોધ્યા દિવ્ય અયોધ્યા ના સૂત્ર હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં એનો ખૂબજ સુંદર વિકાસ થયો છે અને અધ્યતન હવાઈ મથક પણ બનાવવામાં આવ્યું છે. બસ પ્રાણ પ્રતિષ્ઠા પછી પણ આજ માહોલ બની રહે! એવી પ્રાર્થના સાથે જય હિન્દ, જય શ્રીરામ.

# ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી, શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય?


**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે. હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડો પાર છે. મરણપથારીમાં પડયા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે. આપ્તવર્ગ પણ મને કંઈ મળશે એવી ઈચ્છાથી સેવા કરે છે. બધાં સ્વાર્થનાં સગાં ભેગાં થાય છે. ભાગવતમાં સગાંઓને શિયાળ, કૂતરા જેવાં કહ્યાં છે. છેવટે ડોસો એકલો રડતો રડતો જાય છે. જાણે છે કે હું જઈશ ત્યારે કોઈ સ્ત્રી-પુરુષ સાથે આવશે નહીં. મારે એકલાને જવું પડશે છતાં વિવેક રહેતો નથી. યમદૂતો આ જીવાત્માને શરીરમાંથી બહાર કાઢે છે. અંતકાળમાં બે યમદૂતો આવે છે. પાપ પુરુષ અને પુણ્ય પુરુષ. પુણ્ય પુરુષ કહે છે, તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પૂણ્ય કદી કર્યું નહીં. આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે જે પ્રાણને સ્થિર કરે છે તેને કરી શકતા નથી. મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર, તેમ અંદર કારણ શરીર છે. સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે.યમદૂતો જીવાત્માને સૂક્ષ્મ શરીર સાથે યમપુરીમાં લઈ જાય છે.અતિપાપી માટે યમપુરીનો માર્ગ ભયંકર છે. પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પડે છે.ચિત્રગુપ્ત જીવાત્માએ કરેલાં પાપપુણ્ય જીવાત્મા ય દરબારમાં સંભળાવે છે.ચૌદ સાક્ષીઓ સાક્ષી આપે છે. પછી જીવાત્માને પાપ કબૂલ કરવું પડે છે.પૃથ્વી,ચંદ્ર વગેરે ચૌદ સાક્ષીઓ છે.પાપ પ્રમાણે નરકની સજા થાય છે. જો કોઈ જીવનાં પાપ- પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્યલોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મમરણનું દુ:ખ ભોગવે છે. ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે,પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે.

વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો.મહાત્માને દયા આવી. ઉંદરને કહ્યું,તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવી દો. મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી. એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડયો. ત્યારે બિલાડીએ કહ્યું, મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો. એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડયો. એટલે કૂતરો કહે, મહારાજ, મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસકવૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો. આ ઉંદર- બિલાડી ની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે, હું ઈશ્વરમાં માનતો નથી. ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યા ચીજ હૈ! પણ ભગવાન કહે છે કે, યાદ રાખ. હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ. આ મનુષ્યજન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે. પશુપક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુ:ખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે કિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પંજ ચૂંટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે, બે મહિનામાં હાથ-પગ,ત્રણ મહિતાયો તમવાળ ચાર મહિનામાં સાત ધાતુ,પાંચ મહિનામાં ભૂખ-તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના હેમાં ભ્રમણ, આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્ર થી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે. તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂચ્છાં પામે છે. વળી માતાએ ખાધેલા તીખા,ઊના ખારા,ખાટાખોરાક વડે તેનાસઘળાં અંગમાં વેદના થાય છે.આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુ:ખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે.સાતમે મહિને જીવાત્માને પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. તે ગર્ભમાં પ્રભુની સ્મૃતિ કરે છે, નાથ, મને બહાર કાઢો. ગર્ભવાસ અને નર્કવાસ સરખો છે.મને બહાર કાઢશો તો મહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ. ગર્ભમાં જીવ ભગવાન આગળ મનેક પ્રતિજ્ઞાઓ કરે છે.પછી જન્મ વખતે અતિશય વેદના માં પૂર્વજન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભુલી જાય છે.બહાર આવતી વખતે અતિશય દુ:ખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે. જન્મ અને મરણનું દુ:ખ ભયંકર છે. આ બંને દુ:ખ સરખા છે. આ દુ:ખોનો અંત આવતો શ્રી જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી. જીવ માલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે.તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે મકરે પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી. પછી લાડી સાથે પ્રેમ કરે ઉ. તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્રીમાંથી હ ઓછો થાય છે. આ પ્રભુની માથા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.ના અનેક જન્મો થી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે.હજી ક્યાં સુધી ભટકવું છે? તારા મનને રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. જાતના વિષયોમાંથી હટાવી પ્રભુ માં સ્થિર કર.પરમાત્માના ચરણ નો આશ્ચર્ય કરી જન્મ મરણ ના કાગમતીર્થમાં પધાર્યા.આજ પણ કપિલ ભગવાનના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠયા,ને કલકત્તા પાસે ગંગાસાગરના વાગત સમુદ્રે કર્યું છે.માતા દેવહતિ સરસ્વ તીના કિનારે વિરાજેલાં છે. સ્નાન કરે છે, ધ્યાન કરે કે, એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવહતિ ને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે.દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે.દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા કહે છે.આ કપિલગીતા સાંભળવા થી શ્રોતા-વક્તાઓનાં અનેક પાપો નો નાશ થાય છે. સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે. પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે. એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે,પણ એની હયાતી માં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો. એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડી ને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે.તુકારામ મહારાજના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્ની ના દુ:ખને દૂર કરવા માટે. જ્યારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા.સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપમાનથી દુ:ખી થતાં નથી. તેઓ માનઅપમાનને પી જાય છે.કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવાબતાવેલી જ છે.મહા કિંમતી દવા છે.હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપનો જન્મ આવે છે.બાજુ માં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે.






### વિદ્યા બાલન, પ્રતીક ગાંધી જોવા મળશે મુખ્ય ભૂમિકામાં

# અભિનેત્રી વિદ્યા બાલનની નવી ફિલ્મની થઈ જાહેરાત

## અભિનેત્રી વિદ્યા બાલનની નવી ફિલ્મ દો ઓર દો પ્યારનો ફર્સ્ટ લુક જાહેર : ઈલિયાના દિક્રુઝ અને સેંધિલ રામમૂર્તિ જોવા મળશે

અભિનેત્રી વિદ્યા બાલનની નવી ફિલ્મ દો ઓર દો પ્યારનો ફર્સ્ટ લુક જાહેર કરવામાં આવ્યો છે. આ ફિલ્મ વિદ્યા બાલનની સાથે પ્રતિક ગાંધી, ઈલિયાના દિક્રુઝ અને સેંધિલ રામમૂર્તિ પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. પ્રોડક્શન કંપની અપ્લોઝ એન્ટરટેનમેન્ટ દ્વારા ફિલ્મનું એક મોશન પોસ્ટર શેર કરવામાં આવ્યું છે અને સાથે જ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરી છે. આ ફિલ્મ આ વર્ષે માર્ચ મહિનામાં રિલીઝ થવાની છે.

પોસ્ટરમાં વિદ્યા બાલનને સેંધિલ રામમૂર્તિએ અને પ્રતીક ગાંધીને ઈલિયાનાએ ગળે લગાડેલો છે. આ પોસ્ટર સાથે પોસ્ટના કેપ્શન માં લખવામાં આવ્યું છે આ સિઝનમાં પ્રેમ તમને આશ્ચર્યચકિત કરશે, તમને ભ્રમિત કરશે, તમને બરબાદ કરશે. દો ઔર દો પ્યાર ૨૯ માર્ચ ૨૦૨૪ ના રોજ સિનેમા ઘરોમાં રિલીઝ થશે. શીર્ષા ગુહા ઠાકુરતા નિર્દેશિત ફિલ્મ દો ઔર દો પ્યાર નું નિર્માણ સમીર નાયર, દીપક સહગલ, તનુજ ગર્ગ, અતુલ કસ્બેકર અને સ્વાતિ અય્યર ચાવલા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મની પટકથા સુપ્રોતિમ સેનગુપ્તા અને ઈશા ચોપડાએ વિકસિત કરી છે. વિદ્યા બાલન આ પહેલા ફિલ્મ નિયતમાં જોવા મળી હતી જોકે આ ફિલ્મ ખાસ કમાલ કરી શકી નહીં. નિયત પહેલા વિદ્યા બાલન સેફાલી શાહ સાથે જલસામાં જોવા મળી હતી.

આ ફિલ્મથી ઈલિયાના ડિક્રુઝ ઘણા સમય પછી સ્ક્રીન પર વાપસી કરી રહી છે. છેલ્લે તેણે પાગલપંતી અને ધ બિગ બુલ ફિલ્મમાં અભિનય કર્યો હતો. આ ફિલ્મમાં પ્રતીક ગાંધી મુખ્ય ભુમિકામાં જોવા મળશે. પ્રતીક ગાંધી થિયેટર કલાકાર છે તેણે અનેક ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું છે અને છેલ્લે તે સ્કેમ ૧૯૯૨ વેબ સીરીઝમાં જોવા મળ્યો હતો.



### 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા'નું ટ્રેલર થયું રિલીઝ

# રોબોટ બનેલી કૃતિ સેનનના પ્રેમમાં પડ્યો શાહિદ

## આ ફિલ્મ ડ્રામા, સસ્પેન્સ અને રોમાન્સથી ભરપૂર ભરેલી હશે
## આ ફિલ્મ ૯ ફેબ્રુઆરીએ થિયેટરોમાં રિલીઝ થવાની છે

શાહિદ કપૂર અને કૃતિ સેનનની ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ દ્વારા શાહિદ અને કૃતિ પહેલીવાર પડદા પર સાથે જોવા મળવાના છે. ફેન્સ બંને સ્ટાર્સની જોડીને પડદા પર જોવા માટે ઉત્સુક છે અને આ દરમિયાન મેકર્સે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કર્યું છે. 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'નું ટ્રેલર રોમાન્સ અને ડ્રામાથી ભરપૂર લાગે છે. ટ્રેલર જોઈને ફિલ્મની સ્ટોરીનો અંદાજ લગાવી શકાય છે. ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં કૃતિ સેનન શાહિદ કપૂર સાથે રોમાન્સ કરતી જોવા મળશે. આ ફિલ્મમાં તે એક અમેરિકન છોકરીની સિફરાનો રોલ પ્લે કરતી જોવા મળી રહી છે જે ભારતીય પરિવારમાં વહુ તરીકે આવશે અને બધાને હેરાન કરી દેશે. ટ્રેલરના અંતમાં બતાવવામાં આવ્યું છે કે સિફરા (ક્રિતી સેનન) છોકરી નથી પણ વાસ્તવમાં એક રોબોટ છે.

'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'નું ટ્રેલર શાહિદ કપૂર અને કૃતિ સેનનની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રીથી લઈને ગીતો સુધી દર્શકોને ફિલ્મમાં જકડી રાખશે. ડાયરેક્ટર અમિત જોશી અને આરાધના શાહની ફિલ્મમાં શાહિદ કપૂર અને કૃતિ સેનન સિવાય ધર્મેન્દ્ર, ડિમ્પલ કાપડિયા અને રાકેશ બેદી સહિતના ઘણા દિગ્ગજ એક્ટર્સ જોવા મળશે. 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા' આ વર્ષે વેલેન્ટાઈન વીકમાં રિલીઝ થવા માટે તૈયાર છે. શાહિદ કપૂર અને કૃતિ સેનન સ્ટારર આ ફિલ્મ ૯ ફેબ્રુઆરીએ થિયેટરોમાં રિલીઝ થશે.





# હમારા રામ આયે હૈં ગીત ૨૨ જાન્યુઆરીએ રિલીઝ થશે

## અરુણ ગોવિલ, સુનીલ લહેરી, દીપિકા ચિખલિયા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં જોવા મળશે

અયોધ્યા ધામના શ્રી રામ મંદિરમાં રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને લઈને સમગ્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ઉત્સાહ અને ઉજવણીનો માહોલ છે. રામ મંદિરના ઉદ્ઘાટનની તૈયારીઓ પણ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. મંદિરોથી લઈને ઘરના દરવાજા સુધી દરેક જગ્યાએ દિવાળી જેવો માહોલ છે, રામ લાલાના સ્વાગત માટે દીવા પ્રગટાવવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ભવ્ય સમારોહ માટે હજારો લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. રામાયણ ટીવી સિરિયલના અરુણ ગોવિલ, જેણે સ્ક્રીન પર ભગવાન રામની ભૂમિકા ભજવી હતી, તેને પણ આ કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. સીતાનું પાત્ર ભજવનાર દીપિકા ચિખલિયા અને સુનીલ લહેરી પણ તેમાં સામેલ છે. આવી સ્થિતિમાં હવે રામાયણના રામ, સીતા અને લક્ષ્મણ તેમના ચાહકો માટે એક ખાસ ભેટ લઈને આવ્યા છે. આ વિશે માહિતી શેર કરતાં અરુણ ગોવિલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. એમને કહ્યું કે, 'ચાલો આપણે ભગવાન રામ, સીતા અને લક્ષ્મણનું અયોધ્યામાં સ્વાગત કરીએ. સોનુ નિગમના અવાજમાં ગાયેલું ગીત 'હમારા રામ આયે હૈં' રિલીઝ થવાનું છે. આ ગીત ૨૨ જાન્યુઆરીએ રિલીઝ થશે, જેમાં અરુણ ગોવિલ, સુનીલ લહેરી અને દીપિકા ચિખલિયા જોવા મળશે.' જણાવી દઈએ કે અરુણ ગોવિલ, સુનીલ લહેરી અને દીપિકા ચિખલિયા સિવાય બોલિવૂડથી લઈને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના તમામ સ્ટાર્સને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં અમિતાભ બચ્ચન, અજય દેવગન, અક્ષય કુમાર, આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને અનુષ્કા શર્મા, માધુરી દીક્ષિત, આશા ભોંસલે સહિત ઘણા કલાકારો સામેલ થશે.

# બોલિવુડના એક્ટર પંકજ ત્રિપાઠી હવે બ્રેક લેવા માગે છે

## મેં મારું કામ કરવાનું નક્કી કર્યું છે : મને લાગ્યું કે હવે વધી ગયું છે, કોઈપણ વ્યક્તિએ આટલું કામ ન કરવું જોઈએ : પંકજ ત્રિપાઠી

એક્ટર પંકજ ત્રિપાઠી આ સમયના સૌથી વ્યસ્ત એક્ટર પૈકી એક છે. છેલ્લાં ૩ વર્ષમાં લગભગ ૧૪ ફિલ્મો કર્યા બાદ પંકજ હવે બ્રેક લેવા માગે છે. એક ઈન્ટરવ્યૂમાં પંકજે કહ્યુ છે કે હવેથી તે દરેક ફિલ્મના શૂટિંગ પછી ૩૦ દિવસનો બ્રેક લેશે જેથી કરીને તે અગાઉના ફિલ્મના રોલમાંથી બહાર આવીને આગામી ફિલ્મ માટેની તૈયારી કરી શકે.' પંકજે કહ્યુ, મેં મારું કામ કરવાનું નક્કી કર્યુ છે. મને લાગ્યું કે હવે વધી ગયું છે, કોઈપણ વ્યક્તિએ આટલું કામ ન કરવું જોઈએ. દરેક વસ્તુની એક મર્યાદા હોય છે અને હું મારી શારીરિકતાને બદલી શકતો નથી. આ સ્થિતિમાં મેં નક્કી કર્યું છે કે ૧૦ પ્રોજેક્ટ કરવાને બદલે હવે માત્ર ૩ પ્રોજેક્ટ પર જ કામ કરીશ. પંકજે ફિલ્મ 'સ્ત્રી ૨'ના સેટ પરથી એક કિસ્સો શેર કર્યો અને જણાવ્યું કે કેવી રીતે તેમનું કામ ઓવરલેપ થવા લાગ્યું છે. ત્રિપાઠીએ કહ્યુ, ફિલ્મ મૈં અટલ હુંનું શૂટિંગ પૂરું કર્યા પછી હું બીજા જ દિવસે સ્ત્રી ૨ના સેટ પર પહોંચી ગયો. શૂટિંગના પહેલા જ દિવસે ડિરેક્ટર અમર કૌશિક મારી પાસે આવ્યા અને કહ્યુ - અટલ જી જ લાગી રહ્યાં છો.... મેં પૂછ્યું હવે મારે શું કરવું જોઈએ? તેથી અમરે મને એક દિવસની રજા આપી અને મને કહ્યુ કે ઘરે જઈને સ્ત્રીને જુઓ અને આરામ કરો. પંકજે વધુમાં જણાવ્યું હતું કે, આ પછીથી મને સમજાયું કે આવી તૈયારી વિના એક સેટથી બીજા સેટ પર જવું ખોટું છે. મને લાગે છે કે દરેક ફિલ્મ શરૂ કરતા પહેલાં મારે ૩૦ દિવસનો ગેપ લેવો જોઈએ. જૂના પાત્રને ભૂલી જવા માટે ૧૦ દિવસ, પરિવારને સમર્પિત કરવા માટે ૧૦ દિવસ અને નવા રોલની તૈયારી માટે ૧૦ દિવસ. અને હવેથી હું આટલું જ કરીશ.





# ફેન્સ હવે "ભૂલ ભુલૈયા ૩"ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

## ફિલ્મ ભૂલ ભુલૈયા-૩માં વિદ્યા બાલન મંજુલિકાનો રોલ કરશે! તબ્બૂનું સ્થાન લઈ શકે છે, ફિલ્મ ૨૦૨૪માં રિલીઝ થશે

કાર્તિક આર્યન સ્ટારર ફિલ્મ ભૂલ ભુલૈયા-૩ને લઈને ઘણા સમયથી ઘણા સમાચારો સામે આવી રહ્યા છે. દરમિયાન સમાચાર આવ્યા હતા કે, આ મોસ્ટ અવેટેડ ફિલ્મમાં મંજુલિકાના પાત્ર માટે તબ્બૂ નહીં પરંતુ વિદ્યા બાલન આવી શકે છે. જો કે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તમને જણાવી દઈએ કે, ૨૦૦૭માં રિલીઝ થયેલી અક્ષય કુમાર અને વિદ્યા બાલનની હોરર કોમેડી ફિલ્મ ભૂલ ભુલૈયાએ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી હતી. કાર્તિક આર્યનની ભૂલ ભુલૈયા ૨માં વિદ્યા બાલનને રિપ્લેસ કરવામાં આવી હતી. હવે તે ફિલ્મના ત્રીજા ભાગમાં વાપસી કરી શકે છે. કાર્તિક આર્યનની ભૂલ ભુલૈયા ૨ જોયા બાદ તેના ફેન્સ હવે ભૂલ ભુલૈયા ૩ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં અન્ય કોણ કોણ જોવા મળશે તે જાણવા ચાહકોને પણ ખૂબ જ રસ છે. હાલમાં એવા અહેવાલો છે કે ફિલ્મનું શૂટિંગ માર્ચમાં શરૂ થવાનું છે. અનીસ બઝમી આ ફિલ્મનું નિર્દેશન કરશે.

આ ફિલ્મમાં ઘણા ટ્વિસ્ટ ઉમેરવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સારા અલી ખાનને ભૂલ ભુલૈયા ૩માં કાસ્ટ કરવામાં આવી હોવાના અહેવાલ હતા. જોકે, મેકર્સ હજુ પણ ઘણા નામો પર વિચાર કરી રહ્યા છે. ભૂલ ભૂલૈયા ૨ના કલેક્શનની વાત કરીએ તો તેણે ભારતમાં ૧૮૫.૯૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. શરૂઆતમાં લોકોને લાગતું હતું કે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ જશે. પરંતુ આ ફિલ્મે બધાને ખોટા સાબિત કર્યા છે અને વિશ્વભરમાં ૨૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો હતો. ભૂલ ભુલૈયા ૨નું નિર્દેશન અનીસ બઝમીએ કર્યું છે. કાર્તિક ઉપરાંત કિયારા અડવાણી, તબ્બૂ, રાજપાલ યાદવ અને સંજય મિશ્રા પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ૨૦ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ૨૦૦૭માં આવેલી ફિલ્મ 'ભૂલ ભુલૈયા'ની સિક્વલ છે. કાર્તિકના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે હાલમાં ફિલ્મ 'શહેજાદા'ના શૂટિંગમાં વ્યસ્ત છે.



# મહીસાગર જિલ્લા સેવા સદન ખાતેથી જિલ્લા ચૂંટણી અધિકારી ભાવિન પંડ્યાના હસ્તે ઇ.વી.એમ મોબાઇલ નિદર્શન વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું

## રૂપારેલ નદી ઉપર રૂ.૩ કરોડ ૩૦ લાખના ખર્ચે બ્રિજ નિર્માણ પામતા ગ્રામજનોની સુવિધામાં ઉમેરો થયો

। (માહિતી બ્યુરો) મહીસાગર, તા.૨૦ ।

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને, મહીસાગર જિલ્લાના મતદારો માટે ઈ.વી.એમ./ વીવીપેટના માધ્યમથી પોતાનો કિંમતી મત કેવી રીતે આપવો, તે અંગે લોકોમા જુદા જુદા જાગૃતિ કાર્યક્રમ યોજવામા આવી રહ્યા છે.

જેના ભાગરૂપે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ મતદારોમાં મતદાન અંગે જાગૃતિ કેળવાય તેવા આશયથી ઈફસ્ના લાઈવ ડેમોન્સ્ટ્રેશન અને ઓડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ LED વાનને મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી ભાવિન પંડ્યાની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદન ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતુ. મહીસાગર જિલ્લાના તમામ મતદાર વિભાગમાં મોબાઈલ નિદર્શન વાનના માધ્યમથી ઈ.વી.એમ. તથા વી.વી.પેટના નિદર્શનથી મતદાન પ્રક્રિયા અંગે મતદારોને માહિતગાર કરવામાં આવશે.

આ ઈ.વી.એમ. નિદર્શન વાન મહીસાગર જિલ્લાના દરેક બુથ પર જઈને ઈ.વી.એમ./ વીવીપેટ શું છે તે અંગેની માહિતી પુરી પાડશે.



તેમજ વાનમા રાખવામા આવેલ ઈ.વી.એમ. મશીનના માધ્યમથી મત કઈ રીતે આપી શકાય તેની લોકોને રૂબરૂ જાણકારી આપવામાં આવશે. આ વાન દ્વારા મત આપવાની સંપૂર્ણ પ્રક્રિયાને સરળ ભાષામાં સમજાવવામા આવશે.

મતદાર પોતે જે નાંમાકિત વ્યક્તિને મત આપવાના છે તેનું નામ, તથા ચિહ્ન ઈ.વી.એમ./ વીવીપેટ મશિનમા ક્યાં આવશે, મત આપવા કયા બટનનો ઉપયોગ કરવો, તથા મત જે ઉમેદવારને આપ્યો છે તેને જ મત મળેલ છે કે કેમ તેની ખાતરી કરવા માટે દરેક બુથ દીઠ ઈ.વી.એમ./વીવીપેટ નિદેર્શન વાન માહિતી પુરી પાડશે તેમ પણ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

આ પ્રસંગે મામલતદાર શ્રી સહિત જિલ્લા ચુંટણી વિભાગના અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાન જાગૃતિ ડેમોન્સ્ટ્રેશન વાન થકી નાગરિકોને ચૂંટણી પ્રક્રિયા અંગે અપાઈ રહેલી સમજ



। (માહિતી) નર્મદા, તા.૨૦ ।

આગામી લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુને ધ્યાનમાં લઈને ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા મોબાઈલ નિદર્શન વાન દરેક જિલ્લાઓને ફાળવવામાં આવી છે. તેવી જ રીતે નર્મદા જિલ્લાને પણ એક વાન મળી છે. આ વાનને જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શ્વેતા તેવતિયાના હસ્તે ફ્લેગ ઓફ કરાયા બાદ આજે ગરૂડેશ્વર તાલુકાના ગામોમાં ડેમોન્સ્ટ્રેશનની કરવામાં આવી રહ્યું છે. નાગરિકો દ્વારા પણ આ વાનને બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

આ અભિયાનની સાથે સાથે જિલ્લા કલેકટર કચેરી સંકુલ, તાલુકા મામલતદારશ્રીની કચેરી તેમજ ગ્રામ પંચાયતોમાં જઈને પણ ઈવીએમ ડેમોન્સ્ટ્રેશનની કામગીરી કરવામાં આવી રહી છે. નાગરિકોને મતદાનની પ્રક્રિયા અંગેની જાણકારી ઈન્સ્ટ્રક્ટરશ્રીઓ દ્વારા આપવામાં આવી રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં સેવી સ્વરાજ સ્પોર્ટ્સ ક્લબ ખાતે આયોજિત બે દિવસીય ઇન્ટર સ્કૂલ સ્પોર્ટ્સ કોમ્પિટિશનનો પ્રારંભ

## દરેક વિદ્યાર્થી-ખેલાડીઓએ કોઈને હરાવવા માટે નહીં પણ જીતવાના ઉદ્દેશ સાથે રમવું જોઈએ : મુખ્યમંત્રી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં આવેલી સેવી સ્વરાજ સ્પોર્ટ્સ ક્લબ ખાતે આયોજિત બે દિવસીય ઈન્ટર સ્કૂલ સ્પોર્ટ્સ કોમ્પિટિશનનો પ્રારંભ કરાવ્યો છે. આ ઈન્ટર સ્કૂલ સ્પોર્ટ્સ કોમ્પિટિશન પ્રોગ્રેસિવ સ્કૂલ સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આયોજિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ખેલેગા ઈન્ડિયા, જીતેગા ઈન્ડિયા, ઓર આગે બઢેગા ઈન્ડિયા'ના સૂત્રને ચરિતાર્થ કરવા આ ઈન્ટર સ્કૂલ સ્પોર્ટ્સ કોમ્પિટિશનનું આયોજન કરવા બદલ પ્રોગ્રેસિવ સ્કૂલ સ્પોર્ટ્સ ફેડરેશનને અભિનંદન પાઠવ્યા હતા. આ કોમ્પિટિશનમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓ-ખેલાડીઓને સંબોધતા કહ્યું કે, જ્યારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે ત્યારે દરેક વિદ્યાર્થીઓએ કોઈને હરાવવા માટે નહીં પણ જીતવાના ઉદ્દેશ સાથે રમવાનું છે. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૩૬માં યોજાનારી ઓલિમ્પિક્સ ગેઈમ્સનું આયોજન ગુજરાતમાં થાય તે માટેની તૈયારીઓ શરૂ કરી લીધી છે તેની પણ વિગતો આપી હતી. આ પ્રસંગે પદ્મશ્રી, અર્જુન એવોર્ડ અને મેજર ધ્યાનચંદ્ર એવોર્ડ વિજેતા શ્રી ગીત શેઠીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડતા કહ્યું કે, દરેક વિદ્યાર્થીઓ-ખેલાડીઓને જે સ્પોર્ટ્સમાં રુચિ છે એ સ્પોર્ટ્સને ખુબ પ્રેમ કરવો જોઈએ અને તેમાં જરૂરથી આગળ વધવું





જોઈએ. દરેક વિદ્યાર્થીઓએ હાર્ડવર્ક સાથે પોતાની ટેલેન્ટનો ઉપયોગ જરૂરથી કરવો જોઈએ. જો તમે પોતાની ટેલેન્ટ દેખાડવા માટે સક્ષમ નહીં બનો તો એ ટેલેન્ટ તમારી નિષ્ફળ સાબિત થશે. આ દ્વિ-દિવસીય રમત-ગમત સ્પર્ધામાં ૯ જેટલી રમતોમાં ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ, ઈન્ટર સ્કૂલ સ્પોર્ટ્સ કોમ્પિટિશનના ઉદ્ઘાટન પ્રસંગે પ્રોગ્રેસિવ સ્કૂલ સ્પોર્ટ્સ ફેડરેશન સાથે સંકળાયેલા શ્રી જીગર શાહ, શ્રી વિવેકભાઈ કપાસી તેમજ ૨૧ થી વધુ સ્કૂલના પ્રિન્સિપાલ, ટીચર્સ, કોચ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિઓની બેઠક યોજાઇ



। (માહિતી) નર્મદા, તા.૨૦ ।

નર્મદા જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંગભાઈ તડવી, નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખ અને સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓએ બેઠકમાં ઉપસ્થિત રહીને પ્રશ્નોના કાયમી નિકાલ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાંસદશ્રી મનસુખભાઈ વસાવા દ્વારા ખાણખનીજ, કરજણ ડેમ આધારિત સિંચાઈનું પાણી, કેનાલ નેટવર્ક રિપેરીંગ અને જાળવણી, મેઈન્ટેનન્સ, આરોગ્ય, શિક્ષણ જેવી બાબતો અંગે રજૂ કરેલા પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા સાથે રચનાત્મક સૂચનો કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવી લોક સુખાકારીમાં સુધારો-વધારો લાવવા આપીલ કરી હતી. નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખ દ્વારા આરોગ્ય, પી.એમ. જે.એ.વાય. કાર્ડ ખાનગી હોસ્પિટલમાં ચાલુ કરાવવા, NEETની પરીક્ષા માટે આદિવાસી બાળકોને કોચિંગ ક્લાસ, સરકારી લાઈબ્રેરીની સુવિધા, કરજણ સર્કિટ હાઉસ રીપેરીંગ, મત્સ્ય ઉદ્યોગ મંડળી દ્વારા આદિવાસી માછીમારોને માછીમારીની તાલીમ-માર્કેટિંગ અને સવલતો આપવા ઉપર ભાર મૂક્યો હતો.

વન મંડળીઓને વન વિભાગ દ્વારા તાલીમ, માર્કેટિંગની તક મળે તે જોવા પર ભાર મૂક્યો હતો. ટીમરૂના પાન, વાંસકામ, ગુંદર, ગૂગળનું કલેક્શન કરી વેચાણ અને માર્કેટિંગની વ્યવસ્થાને રાજ્ય અને દેશ વિદેશમાં તેનું બ્રાન્ડીંગ થાય તે જોવા અને આદિવાસી સમુદાયને મદદરૂપ થવા પર ભાર મૂક્યો હતો. પ્રોપર્ટી કાર્ડ લોકોને ઝડપથી મળે તેમજ રાજપીપળાના નવા ફળિયા અને નરસિંહ ટેકરીના રહીશોના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

# સુરતના ગોપીપુરા પૌરાણિક અંબાજી મંદિરની સાફસફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપતા કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ



। (માહિતી) સુરત, તા.૨૦ ।

અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના પવિત્ર ઉત્સવને અનુલક્ષીને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તા.૧૪ થી ૨૨ જાન્યુ.-૨૦૨૪ સુધી દેશભરના તમામ નાના મોટા ધર્મસ્થાનોની સ્વચ્છતા માટે, સાર્વત્રિક રીતે સફાઈ અભિયાન હાથ ધરવાનું દેશવાસીઓને આહવાન કર્યું છે, ત્યારે સુરત શહેરના ગોપીપુરા સ્થિત ૫૦૦ વર્ષ જૂના અતિ પૌરાણિક અંબાજી મંદિરની મંદિરની સાફસફાઈ કરી કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશે સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ મંદિરમાં મા અંબા સ્વયં પ્રગટ થયા હતા એવી લોકવાયકા છે. કેન્દ્રીય મંત્રીએ તીર્થધામો આસપાસ સફાઈ કરતા સ્વચ્છતાકર્મીઓને સ્વચ્છ રાખતા સ્વચ્છતાકર્મીઓ, મનપાના અધિકારીઓને ફૂલ આપી સન્માનિત અને પ્રોત્સાહિત કર્યા હતા.

તેમણે શ્રી મહાદેવ અને હનુમાનજીના દર્શન કરી દેશની શાંતિ, સુખાકારી અને સમૃદ્ધિની મંગલકામના કરી હતી. "સ્વચ્છ રહેશે મંદિર તો સુંદર થશે દર્શન" એમ જણાવી મંત્રીશ્રીએ યાત્રાધામોમાં ધ્યાન, પ્રાર્થના અને સત્સંગ માટે અનુકૂળ માહોલના નિર્માણ માટે સ્વચ્છતા ખૂબ જરૂરી છે. જેથી સૌ નાગરિકોએ ધાર્મિકસ્થળોને સ્વચ્છ રાખવા અનુરોધ કર્યો હતો. પાંચસો વર્ષની પ્રતીક્ષા બાદ અયોધ્યા નગરીમાં પ્રભુ શ્રી રામ ૫ધારી રહ્યા છે, ત્યારે શ્રી રામ આગમનને વધાવવા સાથે તીર્થક્ષેત્રોને સ્વચ્છ કરવાના આદરણીય વડાપ્રધાનશ્રીના આહ્વાનને ઝીલી યાત્રાધામોને સ્વચ્છ રાખવા સૌ નાગરિકોને અપીલ કરી હતી.

# મહીસાગર જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ની બેઠક કલેક્ટરશ્રી ભાવિન પંડયાના અધ્યક્ષસ્થાને યોજાઇ




। (માહિતી બ્યુરો) મહિસાગર, તા.૨૦ ।

મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક કલેક્ટરશ્રી ભાવિન પંડયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન કલેક્ટરશ્રીની કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટરશ્રી ભાવિન પંડયાએ જિલ્લામાં વહીવટ સરળ, સુગમ અને ઝડપી બને, સરકારશ્રીની જનહિતકારી યોજનાઓનો યોગ્ય અને ઝડપી અમલ થાય તે માટે બેઠકમાં સંકલન સમિતિના પ્રશ્નોનું વિવિધ વિભાગોએ પરસ્પર સંકલન સાધી, વ્યવહારુ અભિગમ અપનાવીને નાગરિકોના પ્રશ્નોને આયોજનબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે કેટલાક રચનાત્મક સૂચનો આપી માર્ગદર્શિત કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને કલેક્ટરશ્રીએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ, પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા,અધિક નિવાસી કલેકટરશ્રી સી વી લટા, પ્રાયોજના વહીવટદારશ્રી, ખેતીવાડી અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ઝુંડા ગામે હનુમાનજીના મંદિર અને જય શ્રી ભાથીજી મહારાજના મંદિરે પુજા અર્ચના સાથે આરતીમાં સહભાગી થયા

। (માહિતી) નર્મદા, તા.૨૦ ।

સમગ્ર રાજ્યમાં તા.૧૮ મી જાન્યુઆરીથી પ્રારંભાયેલી 'વન સેતુ ચેતના યાત્રા' ના ત્રીજા દિવસે નર્મદા જિલ્લામાં વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ નાંદોદના ઝુંડા ગામે શ્રી સંકટમોચન હનુમાનજી મંદિર અને તિલકવાડાના ભાદરવા ગામે જય શ્રી ભાથીજી મહારાજ મંદિરે પુજા અર્ચના સાથે આરતીમાં સહભાગી થયા હતાં. આ યાત્રા દરમિયાન વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, છોટાઉદેપુર સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીમસિંહ તડવી, ૧૪૮-નાંદોદ મતવિસ્તારના ધારાસભ્ય શ્રીમતી ડો.દર્શનાબેન દેશમુખ, સહિત ઉપસ્થિત મહાનુભાવોનું સ્થાનિક લોકોએ વાજિંત્રો સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી જિલ્લાઓમાં ભ્રમણ કરનારી વન સેતુ ચેતના યાત્રાનો નવસારી જિલ્લામાં ઉનાઈથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શુભારંભ થયો હતો. આ વન સેતુ ચેતના યાત્રાનો ઉદ્દેશ્ય વન વિભાગના કર્મચારીઓ અને આદીવાસીઓનું વન સાથે નાતો જોડી રાખવાનો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આદિવાસી સમાજ માટે અનેક કલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત કરવામાં આવ્યા છે.

# જિલ્લા કલેક્ટર કે. એલ. બચાણીની અધ્યક્ષતામાં ખેડા જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઇ

। (માહિતી) નડિયાદ, તા.૨૦ ।

જિલ્લા કલેકટર શ્રી કે. એલ. બચાણીની અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરી, નડિયાદ ખાતે ખેડા જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મહુધા ધારાસભ્યશ્રી સંજયસિંહ મહિડા બેઠકમાં હાજર રહી તમામ અધિકારીશ્રીઓને લોકઉપયોગી કાર્યો કરવા અપીલ કરી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી કે. એલ. બચાણી દ્વારા બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને જિલ્લાનાં નાગરીકોની સમસ્યાઓનો ત્વરિત ઉકેલ લાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત કલેક્ટરશ્રીએ તમામ અધિકારીઓને ધારાસભ્યોના સંકલનમાં રહી જિલ્લાના નાગરીકોના હિત માટે કામ કરવા જણાવ્યું હતું. સાથોસાથ કલેકટર શ્રીએ કમળા ડમ્પિંગ સાઈટ, રસ્તાને લગતા પ્રશ્નો પાણીની ટાંકીને લગતા પ્રશ્નો અંગે અધિકારીઓ જોડે ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ લાવવા વિનંતિ કરી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય?

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**તુલા (ર,ત) :**

આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. પ્રેમ જીવન આશા લાવશે. જેઓ ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરના બાકી રહેલા કામ આટાપવા માટે તમારા જીવનસાથી સાથે વ્યવસ્થા કરો. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો. જો તમને લાગે કે અમુક લોકો સાથે જોડાવું અને તેમની સાથે રહેવું તમારો સમય બગાડે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. આજે તમારે અચાનક થોડી અનિચ્છનીય યાત્રા કરવી પડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**ન્યૂઝ બ્રિફ**

## ગાઝાની પેલેસ્ટાઈન યુનિવર્સિટીના એક મુખ્ય પરિસર પર ઈઝરાયલનો બોમ્બમારો

। (એજન્સી) ગાઝા, તા.૨૦ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૧૦૦ કરતાં પણ વધુ દિવસોથી યુદ્ધની સ્થિતિ યથાવત્ છે ત્યારે તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં ઈઝરાયલ દ્વારા ગાઝામાં આવેલી પેલેસ્ટાઈન યુનિવર્સિટીના એક મુખ્ય પરિસર પર બોમ્બમારો કરવામાં આવ્યો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે આખું બિલ્ડિંગ આગની લપેટમાં આવીને કાટમાળમાં ફેરવાઈ ગયું હતું. અલ ઈસરા યુનિવર્સિટીના કેમ્પસ પર આ હુમલો કરાયો હતો. જોકે આ વીડિયો વાયરલ થતાં જ અમેરિકાથી સીધી પ્રતિક્રિયા આવી અને તેણે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સરકાર તથા ઈઝરાયલી સૈન્ય પાસે આ વીડિયો મામલો ખુલાસો માગી લીધો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક યુનિવર્સિટીનું આખું કેમ્પસ દેખાય છે અને થોડીક જ વારમાં તેના પર એટલો ભીષણ બોમ્બમારો કરવામાં આવે છે કે તે આખી ઈમારત કાટમાળ અને આગના ગોળામાં ફેરવાઈ જાય છે. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ડેવિડ મિલરે આ મામલે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું અને કહ્યું હતું કે હજુ અમારી પાસે પૂરતી માહિતી આવી નથી.

## ઈઝરાયેલમાં ગૃહયુદ્ધ ભડકવાની સ્થાનિક મીડિયાની ચેતવણી

। (એજન્સી) તેલઅવિવ, તા.૧૯ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને ૧૦૦ દિવસથી વધુ સમય વીતી ચૂક્યો છે ત્યારે નેતન્યાહૂની મુશ્કેલીઓ ઘટવાની જગ્યાએ વધતી જઈ રહી છે. એક ઈઝરાયલી અખબાર દ્વારા મોટો દાવો કરવામાં આવ્યો હતો અને ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી કે તેલ અવીવમાં મોટાપાયે દેખાવો કરવામાં આવી રહ્યા છે. જેના લીધે ઈઝરાયલમાં ગૃહયુદ્ધની સ્થિતિ ભડકી શકે તેવી ભરપૂર સંભાવના છે. અખબારે દાવો કર્યો હતો કે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના નેતૃત્વમાં એક દુઃસ્વપ્ન સમાન કેબિનેટ હેઠળ ઈઝરાયલમાં એક મોટાપાયે ગૃહયુદ્ધની સ્થિતિ ભડકી શકે છે. લોકો હમાસ સામેના યુદ્ધનો અંત લાવવા અને ઈઝરાયલના બંધકોને મુક્ત કરાવવાની માગ કરી રહ્યા છે. લોકોએ માગ કરી છે કે ઈઝરાયલી સરકાર હમાસ સાથે ડીલ કરે અને દેશના કેદ બંધકોને તેની કેદમાંથી આઝાદ કરાવે. પરંતુ નેતન્યાહૂના મગજમાં બીજું કંઈ જ ચાલતું હોય તેમ હમાસ પર આક્રમક અંદાજમાં હુમલા કરી રહ્યું છે.



તમિલનાડુમાં તિરુચિરાપલ્લી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પર લોકો દ્વારા જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ઉત્તર ભારતના રાજ્યોમાં શિયાળો ચાલુ રહેશે

# ઉત્તર-પૂર્વના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની પણ સંભાવના

### દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ઘણા વિસ્તારોમાં પાંચ દિવસ ગાઢ ધુમ્મસ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દેશમાં આ વર્ષે શિયાળામાં વિચિત્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. એ જ રીતે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ જેવા પહાડી વિસ્તારોમાં હવામાન સૂકું રહ્યું છે, જ્યારે મેદાની વિસ્તારોમાં લોકો કડકડતી શિયાળાનો સામનો કરી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) કહે છે કે ઉત્તર ભારતના રાજ્યોમાં શિયાળો ચાલુ રહેશે. એટલું જ નહીં પરંતુ લોકોને કડકડતી ઠંડી અને ગાઢ ધુમ્મસનો પણ સામનો કરવો પડશે.

દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ઘણા વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે. આગામી ત્રણ દિવસ પણ લોકો માટે ખૂબ જ મુશ્કેલીભર્યા રહેવાના છે. તેનું કારણ એ છે કે કોલ્ડવેવ ૩ દિવસ સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન ઠંડી જામશે. ઉત્તર-પૂર્વના કેટલાક વિસ્તારોમાં વરસાદની પણ સંભાવના છે. તમિલનાડુના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદ પડી શકે છે.

દેશની રાજધાની દિલ્હીમાં લોકો કડકડતી ઠંડીનો સામનો કરી રહ્યા છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સુધી જઈ શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સુધી જવાની શક્યતા છે. દિવસભર ધુમ્મસ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા શનિવાર માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. લોકોને ઠંડીનો સામનો પણ કરવો પડી શકે છે, જેના કારણે ઠંડીમાં વધુ વધારો થશે. તે જ સમયે, દિલ્હીમાં ધુમ્મસને કારણે ઓછી વિઝિબિલિટીને કારણે, ૈં એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ્સ મોડી ચાલી રહી છે અને કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ગાઢ ધુમ્મસથી લઈને અત્યંત ગાઢ ધુમ્મસની શક્યતા છે. હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળના પર્વતીય ભાગો, સિક્કિમ, બિહાર, ઓડિશા, આસામ અને મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસ છવાયું છે. આ સમયગાળા દરમિયાન, જે વિસ્તારોમાં ખૂબ ગાઢ ધુમ્મસની ચેતવણી આપવામાં આવી છે ત્યાં વિઝિબિલિટી પણ નોંધપાત્ર રીતે ઓછી થવા જઈ રહી છે. પંજાબ, હરિયાણા-છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, બિહારમાં ઠંડા દિવસથી લઈને તીવ્ર ઠંડીના દિવસ સુધીનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

**QR કોડથી કરવામાં આવશે ઓળખ**

## પાસ વિના નહીં મળે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં એન્ટ્રી

### અયોધ્યામાં રામ મંદિર સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે : સમારોહ માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા

। (એજન્સી) અયોધ્યા, તા.૨૦ ।

અયોધ્યામાં રામ મંદિર સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા દરેકને આમંત્રણ મોકલવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત એન્ટ્રી પાસ પણ આપવામાં આવ્યો છે. જેના પર મંદિર પરિસરમાં પ્રવેશ માત્ર ઊઈ કોડ દ્વારા જ મળશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે પોસ્ટ કરીને લખ્યું છે કે પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં આમંત્રિત મહાનુભાવો માટે માહિતી શેર કરવામાં આવી રહી છે. ભગવાન રામલલા સરકારના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં પ્રવેશ ટ્રસ્ટના પ્રવેશ દ્વારથી જ શક્ય છે. ફક્ત આમંત્રણ પત્રથી મુલાકાતીઓનો પ્રવેશ સુનિશ્ચિત નહીં થાય. એન્ટ્રી કાર્ડ પરના ઊઈ કોડ સાથે મેચ થયા પછી જ પરિસરમાં પ્રવેશ મળશે. પ્રશાસન દ્વારા પહેલા જ કહેવામાં આવ્યું છે કે પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે એટલે કે ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં એવા લોકોને જ પ્રવેશ આપવામાં આવશે જેમને આમંત્રણ મળ્યું છે, પરંતુ તેમ છતાં લોકો ફૈં પ્રવેશ માટે વિવિધ પ્રયાસો કરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી રામ જન્મભૂમિ મંદિર પર સ્મારક પોસ્ટેજ સ્ટેમ્પ્સ અને વિશ્વભરમાં ભગવાન રામ પર જારી કરાયેલ સ્ટેમ્પ્સના પુસ્તકનું વિમોચન કર્યું. ડિઝાઈનના ઘટકોમાં રામ મંદિર, ચૌપાઈ 'મંગલ ભવન અમંગલ હરિ', સૂર્ય, સરયુ નદી અને મંદિર અને તેની આસપાસના શિલ્પોનો સમાવેશ થાય છે. ૬ સ્ટેમ્પ છે જેમાં રામ મંદિર, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, જટાયુ, કેવટરાજ અને મા શબરીનો સમાવેશ થાય છે. સૂર્યના કિરણોના સોનાના પાન અને ચોપાઈ આ લઘુચિત્ર શીટને એક જાજરમાન ચિહ્ન આપે છે. પાંચ ભૌતિક તત્વો એટલે કે આકાશ, વાયુ, અગ્નિ, પૃથ્વી અને પાણી, જેને પંચભૂતો તરીકે ઓળખવામાં આવે છે, તે વિવિધ રચના તત્વો દ્વારા પ્રતિબિંબિત થાય છે અને તમામ અભિવ્યક્તિઓ માટે જરૂરી પંચમહાભૂતોની સંપૂર્ણ સંવાદિતા સ્થાપિત કરે છે.

### ભારતીય રિઝર્વ બેંક દ્વારા સત્તાવાર નિવેદન જાહેર

# ૨૨મીએ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકાશે નહીં

### દેશભરની જાહેર ક્ષેત્રની બેંકો, ગ્રામીણ બેંકો, વીમા કંપનીઓ અને તમામ નાણાંકીય સંસ્થાઓ અડધા દિવસ માટે બંધ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમને કારણે સરકારી કચેરીઓ અડધો દિવસ બંધ રહેશે. આ કારણોસર ભારતીય રિઝર્વ બેંકે જણાવ્યું છે કે, ૨૨ જાન્યુઆરીએ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવાની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. દેશભરની જાહેર ક્ષેત્રની બેંકો, ગ્રામીણ બેંકો, વીમા કંપનીઓ અને તમામ નાણાંકીય સંસ્થાઓ અડધા દિવસ માટે બંધ રહેશે. ભારતીય રિઝર્વ બેંકે સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે, રિઝર્વ બેંકની ૧૯ સ્થાનિક કચેરીઓમાં અડધા દિવસની રજા રહેશે. જેથી ગ્રાહકો ૨૨ જાન્યુઆરીએ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકશે નહીં. ગ્રાહકો ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪થી ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકશે. રિઝર્વ બેંકે ૧૯ મે ૨૦૨૩ના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટને ચલણમાંથી દૂર કરવાની જાહેરાત કરી હતી. તે સમયે, ૨૦૦૦ની ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી.

### અમેરિકા પર તોળાઈ રહ્યું છે તબાહીનું જોખમ

# અમેરિકાનો ૭૫ ટકા વિસ્તાર ભારે તબાહી નોંતરે તેવો છે

### લોસ એન્જેલસ, સાન ફ્રાન્સિસકો, પોર્ટલેન્ડ, સોલ્ટ લેક સિટી અને મેફિન્સના વિસ્તારો ભૂકંપથી તબાહ થઈ શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

દુનિયાના સૌથી શક્તિશાળી દેશોમાંથી એક અમેરિકા છે. અમેરિકી નીતિની અસર અન્ય દેશો ઉપર પણ પડતી હોય છે. પરંતુ પ્રકૃતિ આગળ તો બધા જ વિવશ છે. અમેરિકા કુદરતી આફતોથી કેટલું સુરક્ષિત છે તેને લઈને એક મોડલ દ્વારા જાણકારી ભેગી કરવામાં આવી અને જે પરિણામો સામે આવ્યા છે તે ડરામણા છે. એવું કહેવાઈ રહ્યું છે કે અમેરિકાનો ૭૫ ટકા વિસ્તાર તબાહી નોંતરે તેવો છે. હવે સવાલ એ થાય કે તેની પાછળનું કારણ શું? વાત જાણે એમ છે કે ભૂકંપ અંગે એક રિફાઈન્ડ મોડલ દ્વારા સ્ટડી કરવામાં આવ્યો જેનાથી જાણવા મળે છે કે ભૂકંપ લગભગ ૭૫ ટકા વિસ્તારોને તબાહ કરી શકે તેમ છે. મોડલમાં ઉલ્લેખ છે કે લોસ એન્જેલસ, સાન ફ્રાન્સિસકો, પોર્ટલેન્ડ, સોલ્ટ લેક સિટી અને મેફિન્સના વિસ્તારો ભૂકંપથી તબાહ થઈ શકે છે. આ એ વિસ્તારો છે જેમની અમેરિકાની ખુશહાલીમાં મોટી ભૂમિકા છે. નવા મોડલથી જાણવા મળે છે કે છેલ્લા ૨૦૦ વર્ષમાં અમેરિકામાં જેટલા પણ શક્તિશાળી ભૂકંપ આવ્યા છે તેમની રિક્ટર સ્કેલ પર તીવ્રતા પાંચથી વધુ રહી છે. મોડલથી એ પણ જાણવા મળે છે કે ફક્ત અલાસ્કા અને કેલિફોર્નિયા જ નહીં પરંતુ સેન્ટ્રલ અને એટલાન્ટિક કોસ્ટલથી જોડાયેલા ઉત્તર પૂર્વના વિસ્તારોમાં ભૂકંપ મોટી તબાહી મચાવવા માટે તૈયાર છે. વોશિંગ્ટન ડીસી, ફિલાડેલ્ફિયા, ન્યૂયોર્ક અને બોસ્ટન વિસ્તારો પણ બરબાદીને આરે ઊભા છે. અર્થક્વેક સ્પેક્ટ્રામાં ભૂકંપથી થનારા નુકસાન અંગે જાણકારી આપવામાં આવી છે.

યુએસજીએસના માર્ક પીટરસન જણાવે છે કે આમ તો ભૂકંપ વિશે સટીક જાણકારી મેળવવી ખુબ મુશ્કેલ છે પરંતુ આ મોડલ દ્વારા અમે તે વિસ્તારોની ઓળખ કરવામાં સફળ થયા છીએ જે આવનારા સમયમાં ભૂકંપનો સામનો કરી શકે છે. તેમાં ફોલ્ટ લાઈન્સ, ટોપોગ્રાફીને સામેલ કરાઈ છે. ભૂકંપ કેમ આવે છે તેના વિશે માર્ક પીટરસન જણાવે છે કે ધરતીની અંદર ખાસ કરીને ફોલ્ડ લાઈનની ચારેબાજુ હલચલ મચેલી છે. તેના કારણે ધરતીના પેટાળમાં જરૂર કરતા વધુ ઉર્જા ભેગી થઈ રહી છે અને આ ઉર્જા બહાર આવવા માટે ધમપછાડા કરે છે. ફોલ્ટ લાઈન તે ઉર્જાને બહાર નીકળવા માટે રસ્તો આપે છે અને તેની અસર જમીન પર જોવા મળે છે. રિસર્ચર્સનું કહેવું છે કે આમ તો દાયકાઓથી અમે અર્થક્વેકની પેટર્નને સમજવાની કોશિશ કરી રહ્યા છીએ પરંતુ અમારી પાસે પૂરતો ડેટા ન હોવાના કારણે કે પછી વિસ્તારો વિશે ઓછી જાણકારી હોવાના કારણે અંદાજો લગાવવો એકદમ કઠિન હોય છે. અત્યાર સુધી જે પણ અનુમાન રજૂ કરાય છે તે જૂના ડેટા પર આધારિત છે. પરંતુ ન્યૂ મોડલના કારણે અમે થોડુ વધુ ચોક્કસપણે ભૂકંપ વિશે જાણકારી આપી શકીએ છીએ.

**વિશેષ**

### ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ વિદ્યાશાખાઓના ૧૪૭ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)નો ૧૩ મો દીક્ષાંત સમારોહ સંપન્ન

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના ૧૩મા દીક્ષાંત સમારોહમાં કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે વિદ્યાર્થીઓને પદવી અને સુવર્ણપદક એનાયત કરાયા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે જીછઝ-ઈસરો,અમદાવાદના ડાયરેકટર શ્રી નિલેશ દેસાઈને દેશના સ્પેસ મિશનમાં તેમના અગ્રગણ્ય યોગદાન બદલ ડોક્ટરેટની માનદ પદવી એનાયત કરવામાં આવી હતી.



જીટીયુના ૧૩મા દીક્ષાંત સમારોહ પ્રસંગે કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડિગ્રી તથા ગોલ્ડ મેડલ મેળવી રહેલા સૌ વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકોને અભિનંદન આપતા જણાવ્યું કે, આજના ટેકનોલોજીના યુગમાં યુવાનો દરેક સમસ્યાના સમાધાન શોધી શકવા સક્ષમ બન્યા છે. યુવાનોમાં શૈક્ષણિક જ્ઞાન સાથે વ્યવહારિક જ્ઞાન પણ હોવું જરૂરી છે. શૈક્ષણિક જ્ઞાન સાથે વ્યવહારિક જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓ સારા નાગરિક બને છે અને સમાજ તથા રાષ્ટ્રને વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે એમ તેમણે ઉમેર્યું હતુ.

વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું મહત્વ સમજાવતા રાજ્યપાલ શ્રી એ જણાવ્યું કે, દરેક માતા-પિતાએ પોતાના બાળકોમાં વિદ્યાર્થીકાળથી જ સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. બાળકોને નાનપણથી જ શિક્ષણ સાથે આચરણ, વ્યવહાર, સામાજિક જવાબદારીઓ વિશેનું જ્ઞાન આપવું જોઈએ. શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓને ડિગ્રી મેળવવા સાથે તેમની સામાજિક જવાબદારીઓ પ્રત્યે પણ સભાન કરવા જોઈએ.

વધુમાં વાત કરતા કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ભારત દેશ સર્વ ક્ષેત્રે અવનવા કીર્તિમાન સ્થાપીને સર્વાંગી વિકાસ સાધી રહ્યો છે. વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ વડાપ્રધાનશ્રીએ આપણને આપ્યો છે. દેશના યુવાઓ સહિત સૌએ સાથે મળીને જવાબદારી અને પ્રતિબદ્ધતા સાથે વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. જો આપણે સૌ પૂરી ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાથી પોતપોતાના ક્ષેત્રોમાં કાર્યો કરીશું તો ચોક્કસ આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવી શકીશું એમ તેમણે ઉમેર્યું હતુ. રેકોર્ડેડ વિડિયો ઉદબોધનમાં કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. રાજીવ ચંદ્રશેખરે ઉતીર્ણ થયેલા સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવીને સમાજને અને દેશને મદદરૂપ થવાનું આહ્વાન કર્યું હતું. તેમણે યુવાઓને સંબોધતા જણાવ્યું હતું કે, આપ સૌ સૌથી ઝડપી વિકાસ પામી રહેલા દેશન યુવાનો છો. તેમણે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સૌ યુવાનોને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. શ્રી રાજીવ ચંદ્રશેખરે વધુમાં વાત કરતા જણાવ્યું હતું કે, આજે નવા ભારતમાં યુવાનો માટે વિપુલ પ્રમાણમાં તકો રહેલી છે. યુવાનો માટે મોદીજીની ગેરંટીએ અનેક ક્ષેત્રે નવા દ્વાર ખોલ્યા છે.

જીટીયુના ૧૩મા દીક્ષાંત સમારોહ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યુ કે, ૨૧મી સદી આજે ઈનોવેશન અને ટ્રાન્સફોર્મેશનની સદી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ, મશીન લર્નિંગ જેવા વિષયો આ સમયની માંગ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે આજે નવી શિક્ષણ નીતિ સહિત ટેકનોલોજી, સ્ટાર્ટઅપ, રિસર્ચ અને ઈનોવેશન ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યા છીએ. આજે આપણે વિદેશોમાંથી ટેકનોલોજી આયાત કરવાની જરૂર નથી એમ તેમણે ઉમેર્યું હતુ.

વિકસિત ભારતના નિર્માણમાં યુવાઓની ભૂમિકા વિશે વાત કરતા ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, આપણા વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૪૭ માં દેશને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે. આજે આપણું યુવાધન દરેક ક્ષેત્રે પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યું છે. આપણા યુવાનોને તેમની સ્કિલ ડેવલપ કરવા અને પોતાના ક્ષેત્રમાં આગળ વધવા માટે શિક્ષણ અને તાલીમ સહિત જરૂરી તમામ સંસાધનો ઉપલબ્ધ થાય અને યુવાનોને યોગ્ય પ્લેટફોર્મ મળે તે પ્રકારની ઈકો સિસ્ટમ દેશમાં વિકસાવવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વાત કરતા મંત્રીશ્રીએ ડિગ્રી મેળવી રહેલા વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે, વિદ્યાર્થીકાળ બાદ પણ જીવનમાં સતત શીખવાનું ચાલુ રાખવું જોઈએ. બદલાતા સમય પ્રમાણે પોતાની સ્કીલ અપગ્રેડ કરવી જોઈએ અને નોલેજમાં વધારો કરવો જોઈએ એમ તેમણે ઉમેર્યું હતુ.

આ દીક્ષાંત સમારોહમાં જીટીયુના વાઈસ ચાન્સેલર સુશ્રી ડો.રાજુલ ગજ્જરે યુનિવર્સિટીનો એન્યુઅલ રિપોર્ટ રજૂ કરતાં જણાવ્યું હતું કે, ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે વિવિધ નવીન ઉપક્રમો થકી જીટીયુ આજે અનેકવિધ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. વોકેશનલ એજ્યુકેશન ઈન્ટીગ્રેશન, નવી શિક્ષણ નીતિનું અમલીકરણ, ફ્લેક્સિબલ કરીક્યુલમ, પોલિસી ઈનીશીએટીવ્સ, સ્કીલ અપગ્રેડેશન કોર્સ, અંડર ગ્રેજ્યુએટ અને ડિપ્લોમા એન્જિનિયરિંગના ગુજરાતી પુસ્તકો, આઈ.આઈ.ટી ગાંધીનગર સાથે કોલોબ્રેશન, ઈનોવેશન એન્ડ ઈક્યુબેશન લેબ્સ સહિતના શૈક્ષણિક ઉપક્રમો દ્વારા આજે જીટીયુ અને તેની સંલગ્ન સંસ્થાઓ દેશની ટોચની માનક સંસ્થાઓ દ્વારા પ્રમાણિત થઈ ચૂકી છે, જે અનેરી સિદ્ધિ છે એમ તેમણે ઉમેર્યું હતુ.

**ન્યૂઝ બ્રિફ**

## જોલવા ગામમાં પાર્ક કાર સહીત બે વાહનોમાં આગ લાગી

। (એજન્સી) ભરૂચ, તા.૨૦ ।

દહેજ ના જોલવા ગામ પાસે ગોકુલધામ સોસાયટીમાં પાર્ક ઈકો કાર અને બાઈકમાં આગ લગતા દોડધામ મચી ગઈ હતી. આગમાં બંને વાહનો સળગી ગયા હતા. અચાનક વાહનોમાં આગ લાગવાનું કારણ અકબંધ છે. બનાવ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. વાહનોમાં લાગેલી આગ બુઝાવવા સ્થાનિકોએ કરેલા પ્રયાસ સફળ ન રહેતા ફાયર બ્રિગેડને મદદે બોલાવાયું હતું. અગ્નિશામક દળ દ્વારા આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો જોકે આ દરમિયાન બંને વાહનો સળગીને ખાક થયા હતા. બનાવ સંદર્ભે દહેજ પોલીસે તપાસ શરૂ કરી આગ લાગવાનું કારણ બહાર લાવવા પ્રયાસ શરૂ કર્યા છે.

## ૨૦૨૧માં બે બાળકને લઈને નાસી ગયેલો શખ્સ ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

પતિ-પત્ની વચ્ચે ડિવોર્સ કેસ ચાલે અને કસ્ટડીને લઈને બબાલ થાય તો તેમાં પીસાવવાનો વારો બાળકોનો જ આવે છે. થોડા દિવસ પહેલા જ દેશભરમાં ચકચારી મચાવનારો સૂચના શેઠનો કેસ તો યાદ જ હશેને. ચાર વર્ષના દીકરાની કસ્ટડી પતિને ના મળે એ માટે બેંગાલુરુની એક સ્ટાર્ટઅપ કંપનીની સીઈઓ સૂચના શેઠે ગોવા લઈ જઈને દીકરાની હત્યા કરી નાખી હતી. હવે પતિ-પત્નીના ઝઘડામાં ચાર વર્ષના માસૂમનો કોઈ વાંક નહોતો તોય તેને જીવ ગુમાવનાનો વારો આવ્યો. આવો જ એક કસ્ટડી કેસ અમદાવાદમાં સામે આવ્યો છે. ફેમિલી કોર્ટે બાળકોની કસ્ટડી પત્નીને સોંપવાની વાત કરતાં નરોડામાં રહેતો ૪૨ વર્ષીય પતિ બંને બાળકોને લઈને નાસી ગયો હતો. ૨૦૨૧માં સંતાનો સાથે ભાગી ગયેલો શખ્સ આખરે ગુરુવારે સુરતથી ઝડપાયો છે. અગાઉ પોલીસને શંકા હતી કે ભાવિન કાછડ નામનો આ વ્યક્તિ પોતાના બંને સતાનોને લઈને ગેરકાયદેસર રીતે વિદેશ નાસી ગયો હશે પરંતુ બાદમાં ખબર પડી કે, તે સુરતના કામરેજ વિસ્તારમાં રહે છે. પોલીસે આ શખ્સને પકડીને તેને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. બે વર્ષથી બાળકો સાથે ફરાર થયેલા ભાવિન કાછડ સુધી પોલીસ કેવી રીતે પહોંચી તેની વિગતો આપતાં ક્રાઈમ બ્રાંચના ઓફિસરોએ કહ્યું, ભાવિન કામરેજમાં હોવાની બાતમી ઈન્સ્પેક્ટર જે.એચ. સિંધવને મળી હતી. કામરેજ મોટો વિસ્તાર હોવાથી પોલીસની ટીમ ૧૫ દિવસ સુધી ત્યાં રોકાઈ હતી.

### પવનો ફૂંકાવાને કારણે ઠંડીનું પ્રમાણ વધુ

# મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગો પર ઠંડીનું પ્રમાણ વધુ

### કચ્છના નલિયામાં ફરી ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે સરક્યો : રાજકોટમાં ૧૧.૮ ડિગ્રી તો ડીસામાં ૧૨ ડિગ્રી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

હવામાન વિભાગના એક્સપર્ટસે જણાવ્યું કે, આગામી દિવસોમાં ઉત્તરીય પવન ફૂંકાઈ શકે છે. જેને કારણે ઠંડીનું પ્રમાણ વધશે. ખાસ, કરીને હાલ નલિયા તરફ પવનો ફૂંકાઈ રહ્યાં છે. જ્યારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ભાગો પર ઉત્તરીય પવનો ફૂંકાવાને કારણે ઠંડીનું પ્રમાણ વધુ છે. તેમજ દરિયા કાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને નલિયા પશ્ચિમ દિશઆના પવનો ફૂંકાતા હોવાથી ત્યાંનું તાપમાન મધ્ય ગુજરાતની સરખામણીએ વધુ ઠંડું છે. જોકે, આગામી દિવસોમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, રાજ્યમાં ઠંડીનો ચમકારો વધઘટ થઈ રહ્યો છે. ગુજરાતના કેટલાક શહેરોમાં તાપમાનનો પારો ઉંચકાયો તો કેટલાકમાં ગગડ્યો છે.અમદાવાદમાં તાપમાન ૩ ડિગ્રી ઊંચકાયું છે. તો સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ૧ થી ૨ ડિગ્રી ગગડ્યો છે. ૯.૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર બન્યું છે.

ભારતમાં હિમ વર્ષાને પગલે ગુજરાતમાં ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો છે અને ગત રાત્રિએ ૯ શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયો હતો.

જાન્યુઆરી મહિનામાં એકવાર તો માવઠું આવી ગયું, ત્યારે હવે ફરીથી કમોસમી વરસાદની આગાહી આવી ગઈ છે. ભૂમધ્ય સાગરમાં ફરી એકવાર ચક્રવાત આવવાનો છે. જેની અસર ભારતના પશ્ચિમભાગ ઉપર અસર થશે, પરંતુ ગુજરાત પર તેની અસરથી કમોસમી વરસાદ આવશે. ૨૪ થી ૨૬ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતમાં જોવા મળશે. જેની અસરના ભાગ રૂપે કચ્છ, પશ્ચિમ સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. જ્યારે ગુજરાતનાં અન્ય ભાગોમાં વાદળવાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે. ૧૭-૧૯ જાન્યુઆરીએ પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. જેના કારણે રાજ્યમાં વાદળવાયુ વાતાવરણ રહેશે.

ઉનાળાને લઈ આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, આ વર્ષે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળા આવવાને કારણે હિમ નદી ઉપર અસર થશે. હિમ નદીઓ ઉપર અસર થવાને કારણે ગ્લેશિયર પીગળવાને કારણે ઉનાળો વહેલો આવવાની શક્યતા છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે. ૧૯ ફેબ્રુઆરીથી હળવી ગરમીની શરૂઆત થશે. ૨૦ એપ્રિલથી વધુ અને ૨૬ એપ્રિલથી આકરી ગરમી વેઠવાનો વારો આવશે.

### રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ઉલ્લાસનો માહોલ

# ગોવિંદ ધોળકિયા તેમના કર્મીઓને રામમંદિર દર્શન માટે લઈ જશે

### અગાઉ ગોવિંદભાઇ લાલજીભાઇ ધોળકિયાએ રામમંદિરને ૧૧ કરોડ રૂપિયાના દાન આપવાની જાહેરાત કરી હતી

। (એજન્સી) સુરત, તા.૨૦ ।



અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામમંદિરનું ઉદ્‌ઘાટન છે. અત્યારે દેશ આખો 'રામમય' છે. દેશના ખૂણેખૂણેથી લોકો રામમંદિરના કાર્યક્રમમાં કોઈને કોઈ રીતે પોતાનું યથાશક્તિ યોગદાન આપી રહ્યા છે, ત્યારે સુરતના મોટા ઉદ્યોગપતિ ગણાતા ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયાએ રામમંદિરને ૧૧ કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી હતી, આ જ પ્રકારે તેમણે બીજી એક જાહેરાત કરી છે જેમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ તેમની કંપનીના કર્મચારીઓને પણ રામમંદિરમાં દર્શન માટે લઈ જશે.

તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે રામમંદિરનું આમંત્રણને પગલે તેઓ ખૂબ જ આનંદ અને ઉત્સાહ અનુભવી રહ્યા છે. ભગવાન ૫૦૦ વર્ષ બાદ તેમના ઘરે આવી રહ્યા છે જે અત્યંત ખુશીની વાત છે. ગોવિંદભાઈએ જણાવ્યું હતું કે તેઓ ૨૧ જાન્યુઆરીના રોજ અયોધ્યા જઈ રહ્યા છે અને ૨૨ જાન્યુઆરીએ રામમંદિરના કાર્યક્રમમાં હાજરી આપશે. ૨૩ જાન્યુઆરીએ તેઓ પરત આવી જશે. લગભગ ૪૮ કલાક તેઓ ભગવાનના સાનિધ્યમાં રહેશે. આ પછી તેમણે જાહેરાત કરી હતી કે તેમની કંપનીના કર્મચારીઓ માટે પણ રામમંદિરની મુલાકાત ગોઠવવાનું તેમનું આયોજન છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ પીએમ મોદી સાથે વર્ષ ૧૯૯૫થી સંકળાયેલા છે. તેઓ જ્યારે મુખ્યપ્રધાન ન હતા તેની પહેલાથી જ બંને વચ્ચે સારા સંબંધો છે. ભવિષ્યમાં જ્યારે પણ રામમંદિર ટ્રસ્ટને તેમની જરૂર પડે તેઓ ચોક્કસ સહયોગ આપશે તેવું ગોવિંદભાઈએ જણાવ્યું હતું.

### હરણી બોટ દુર્ઘટના બાદ રાજ્ય સરકારી સફાળી જાગી

# રાજ્યમાં વોટર સપોટર્સ એક્ટિવિટીઝ પર અધિકારીઓનું કડક ચેકિંગ શરૂ

### માંડવી બીચ પર પણ અલગ અલગ પ્રકારની વોટર સ્પોર્ટ્ઝ એક્ટિવીટી થાય છે, ઘણા બોટધારકો પાસે બોટિંગ માટેના લાયસન્સ વગર પકડાયા

। (એજન્સી) કચ્છ, તા.૨૦ ।

વડોદરાની બોટ દુર્ઘટના બાદ રાજ્યમાં જેટલા પણ હરવાફરવાના સ્થળો છે ત્યાંના સ્થાનિક તંત્ર દ્વારા વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીઝમાં અધિકારીઓ દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. વડોદરામાં હરણી લેક બોટિંગ દુર્ઘટના થઈ એ પછી ઓખા-બેટ દ્વારકા ફેરી બોટ સર્વિસમાં પણ પ્રવાસીઓને જોખમી રીતે બેસાડતા હોવાનો એક વીડિયો વાયરલ થયો હતો. જે પછી પ્રવાસીઓ માટે લાઈફ જેકેટ સહિતના સુરક્ષાના સાધનો ફરજિયાત કરી દેવાયા હતા. ત્યારે કચ્છના માંડવી બીચ પર પણ અલગ અલગ પ્રકારની વોટર સ્પોર્ટ્ઝ એક્ટિવીટી થતી હોય છે, અધિકારીઓની તપાસમાં એવું બહાર આવ્યું છે કે ઘણા બોટધારકો પાસે બોટિંગ માટેનું લાયસન્સ નહોતું. માંડવી મામલતદાર વિનોદ ગોકલાણી અધિકારીઓની ટીમને લઈને માંડવી બીચ પર પહોંચ્યા હતા.

**પ્રવાસીઓની પણ પાંખી હાજરી**

## હરણી તળાવની દુર્ઘટના બાદ કબીરવડ ઘાટ ઉપર સતર્કતા

। (એજન્સી) ભરૂચ, તા.૨૦ ।

વડોદરા હરણી તળાવની દુર્ઘટના બાદ અન્ય હોદીઘાટ પર અચાનક સતર્કતા જોવા મળી હતી. ભરૂચના કબીરવડ ઘાટ પર પ્રવાસીઓ માટે લાઈફ જેકેટ ફરજીયાત કરાયા હતા તો સામે પાંખી હાજરી પણ જોવા મળી હતી. રાજ્યની સૌથી મોટી નદી નર્મદામાં બેટ પર કબીરવડ પ્રવાસન સ્થળ આવેલું છે. આ સ્થળે સંત કબીરમાં શ્રદ્ધા રાખનાર શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ આવે છે. વડોદરા હરણી તળાવની દુર્ઘટના બાદ બોટિંગને લઈ લોકોમાં ભય છે. ખુબ ઓછી સંખ્યામાં પ્રવાસી જોવા મળી રહયા છે. ભરૂચના મઢીઘાટથી કબીરવડ બેટ પર પ્રવાસીઓ બોટમાં અવર-જવર કરે છે. સતર્ક હોડીઘાટ સંચાલકોએ ઓછી સંખ્યામાં પ્રવાસી બેસાડવાની શરૂઆત કરી છે તો લાઈફ જેકેટનો ફરજીયાત ઉપયોગ શરૂ કરાયો છે.

### જેતપુરના જેતલસર ચોકડી પાસે અકસ્માત

# રાજકોટમાં ચાલુ કારમાં શખ્સને આવ્યો હાર્ટ એટેક

### વ્યક્તિને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

હાર્ટ એટેકની ઘટનાઓ હવે દર્દનાક બની રહી છે. કોઈને ઊંઘમાં, તો કોઈને પૂજા કરતા, કોઈને ચાલુ ક્લાસમાં તો કોઈને ચાલુ નોકરીએ હાર્ટ એટેક આવી રહ્યાં છે. ત્યારે રાજકોટમાં એસ્ટ્રોન ચોક પાસે ચાલુ કારમાં એક વેપારીને હાર્ટ એટેક આવ્યો હતો. સમગ્ર ઘટનાના લાઈવ દ્રશ્યો સામે આવ્યા છે. રાજકોટના એસ્ટ્રોન ચોક પાસેથી પસાર થતી એક કારમાં એક શખ્સને હાર્ટ એટેક આવ્યો હતો. અંદાજિત ૫૦ કે ૫૫ વર્ષના વ્યક્તિને ચાલુ કારમાં એટેક આવતા સ્થાનિક લોકો દોડી ગયા હતા. જેથી એસ્ટ્રોન ચોક આસપાસના લોકો અને વેપારીઓ દોડી ગયા અને તાત્કાલિક કારમાંથી વ્યક્તિને ઊંચકીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તબીબની બેદરકારીનો આરોપ ઉઠ્યો છે. ૬૨ વર્ષીય દિનેશભાઈ ગોંધિયા નામના દર્દીને તબીબે અન્ય બ્લડ ગ્રુપનું લોહી ચડાવતા રિએક્શન આવ્યું છે. બાઈકમાં ગિયર બદલવવા જતા દિનેશભાઈ પડી ગયા હતા.

# ઉપરાષ્ટ્રપતિએ અબ્દુલ કલામ રિસર્ચ સેન્ટરના બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન કરતા વિવાદ સર્જાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષો પહેલા તૈયાર કરાયેલા અબ્દુલ કલામ રિસર્ચ સેન્ટરના બિલ્ડીંગને ઘણા સમય પહેલાથી વપરાશમાં મુકી દેવાઈ હતી ત્યારે પહેલેથી ઉપયોગમાં લેવાતી આં બિલ્ડીંગનું ઉપરાષ્ટ્રપતિના હસ્તે ઉદઘાટન કરાવાયું હતું જેને લઈને વિવાદ સર્જાયો છે. ગુજરાત યુનિ. પાસે પોતાનું કન્વેન્શન સેન્ટર છે પરંતુ કરોડાના ખર્ચે બનેલુ કન્વેન્શન સેન્ટર હાલ ખંડેર હાલતમાં બંધ પડયુ છે ત્યારે ગુજરાત યુનિ.એ અટલ-કલામ સેન્ટર બિલ્ડીંગના નાના હૉલમાં કોન્વોકેશન યોજવામાં આવ્યું હતું અને જેને ૫ ગલે ભારે અવ્યવસ્થા અને અરાજકતા સર્જાઈ હતી. અનેક ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓના વાલીઓ પણ ન આવી શકતા રોષ ફેલાયો હતો. ગુજરાત યુનિ.ના અગાઉના કુલપતિ દ્વારા અબ્દુલ કલામ રીસર્સ સેન્ટરના બિલ્ડીંગનો વપરાશ અગાઉ શરૂ કરાવી દેવાયો હતો અને કંપનીઓને ઓફિસો ભાડેથી અપાઈ હતી તેમજ વિદ્યાર્થીઓ,મુલાકાતીઓથી માંડી અધિકારીઓ-કર્મચારીઓની અવર-જવર સાથે સંપૂર્ણ વપરાશ બિલ્ડીંગનો થઈ ગયો હતો.

# ગુજરાતમાં રામાયણ અને મહાભારતના નામના ગામ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

કંડક્ટર પેસેન્જરને પૂછે કે તમારે ક્યાં જવું છે? અને પેસેન્જર જવાબ આપે કે 'મારે રામાયણ જવું છે ત્યારે કોઈપણ અજાણ્યા વ્યક્તિને આ સ્થિનિક બસની વાતો એક જોક્સ જેવી લાગે. સમગ્ર દેશ રામમય થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠાનું એક ગામ એવું છે જેનું નામ જ રામાયણ છે. ઈડર બસ સ્ટેન્ડ પર કોઈ અજાણ્યો વ્યક્તિ બસ આવતી જોવે અને એ બસમાં લખ્યું હોય ઈડર- રામાયણ ત્યારે આ પાટીયું વાંચીને કોઈને પણ આશ્ચર્ય થાય કે આવું તો કોઈ ગામનું નામ હોતું હશે! આવા એક નહીં બે ગામ છે. રામાયણની બરોબર બાજુમાં 'મહાભારત'નામે બીજું ગામ પણ છે. પરંતુ જ્યારે ધરોઈ ડેમ બન્યો ત્યારે ડૂબમાં ગયેલા ગામોને ફરી વસાવવાની પ્રક્રિયા ચાલતી હતી અને એ વખતે પ્રતાપગઢનું નામ કાયમી ધોરણે બદલવાની એક પ્રક્રિયા હતી.













માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨